# દૈનિક
# જિનરાજ પદ્યાવલી

– યશકીર્તિ

35



## દૈનિક જિનરાજ પદ્યાવલી
## હિન્દી પ્રકાશન વિમોચનકર્તા




**શ્રી સ્મિતાબેન સુબોધભાઈ જયંતિલાલ**
**મહેતા – માણેકપુર, હાલ – પુના**



યોગેશ્વરીબેન એચ. શાહ
(કાંદીવલી)



રેણુકાબેન નીતીનભાઈ શાહ
(કાજાવદરવાળા)



અમૃતલાલ ભાણજીભાઈ શાહ
(તળાજા/ઘાટકોપર)



ચિ. કેયુર ડૉ. અશોકભાઈ
શાહ – મલાડ

### ગ્રંથ સ્નેહી

* એક પુસ્તકમાં ફોટો * દરેક પુસ્તકમાં નામ

* રકમ એકવાર - 5555

# શ્રી સિદ્ધાચલ મહાતીર્થની ગોદમાં
# શ્રી સિદ્ધાચલ શ્રુતતીર્થ પાલીતાણામાં
# લેવા જેવા લાભ, નાની રકમ મોટો લાભ

## એક દિવસ આપનો શ્રી સિદ્ધાચલ શ્રુતતીર્થમાં

| આજીવન તિથી નકરો | | વાર્ષિક એક દિવસ | |
|---|---|---|---|
| 5000 /- | ભોજનશાળા | 550 /- | વૈયાવચ્ચ |
| 5000 /- | ગૌશાળા | 550 /- | ભોજનશાળા |
| 3600 /- | સ્નાત્ર પૂજા | 500 /- | ગૌશાળા |
| 3600 /- | અંગ રચના | 350 /- | અનાથ શિશુ મંદિર |
| 1536 /- | વૈયાવચ્ચ | 350/- | અંગરચના |
| 1000 /- | આયંબિલ શાળા | 300 /- | આયંબિલ શાળા |
| 1000 /- | ક્લીનિક | 250 /- | વિદ્યાપીઠ |
| 1000 /- | અનાથ શિશુ મંદિર | 250 /- | ઉકાળેલું પાણી |
| 1000 /- | વિદ્યાપીઠ | 150 /- | સ્નાત્ર પૂજા |
| 531 /- | સામાયિક બેંક | 100 /- | સુખડી |
| 500 /- | ઉકાળેલું પાણી | 500 /- | ક્લીનિક |
| 500 /- | સુખડી | 100 /- | ગૌ. સારવાર |
| પેકેજ – 23736 | | પેકેજ – 3350 | |

ઉપરોક્ત સ્કીમ રકમ QR કોડ દ્વારા
સ્કેન કરી મોકલી શકો છો.

# શ્રી રવિદેવ સૂરિ ગ્રંથમાળા

## ગ્રંથ રજત સ્તંભ

## જૈન સાઈટ – પાલીતાણા

## (પર્યુષણ આરાધક બહેનો)






- પૂન્યની ચાવી
- દૈનિક જિનરાજ પદ્માવલી
- શિક્ષણની સાચી દિશા
- પદ્માવતી મહાપૂજન
- સ્વાધ્યાય સંહિતા
- મંગલા ચરણ
- મૃત્યુ મહાયાત્રા
- જિનાગમ પ્રિય પદાર્થ
- રવિ કથા હરે વ્યથા
- રવિયોગ પ્રશ્નમંચ
- ઉદય સોમ અષ્ટાન્હિકા
- જિનરાજ પ્રશ્નમંચ
- હૃદય પ્રદીપ
- ગુણ વૈભવ
- સુણો મેરે પરમાત્મા
- વાવણી કરી લો

- તારે તે તીર્થ
- અધ્યાત્મ રવિ પચ્ચીશી
- પ્રાથમિક વિધિ સંગ્રહ
- કર્મે વર્તાવ્યો કાળો કેર
- શ્રુતતીર્થ
- રવિ પ્રિય પ્રશ્નમંચ
- સીમંધર બોલે ગિરિ ગુણમાં બોલે
- પ્રભુજી પધારો દિલના દ્વારે
- શ્રી માણિભદ્રવીર અષ્ટપ્રકારી પૂજા
- અર્હમ્ સુન્દરમ્ માસિક (૩૦ વર્ષ)
- ભગવતી બનાવે ભગવાન
- પૃચ્છા સ્વાધ્યાય
- દયાનિધિ સુવ્રત સ્વામી

- નવપ્રકારી ધજા પૂજા
- આનંદરાજ પ્રશ્નમંચ
- પ્રિય સુવર્ણ કથામૃત
- અર્હમ્ સુન્દરમ્ દૈનિક
- જ્યોતિષ પ્રવેશિકા
- સમ્યગ્ પરાક્રમ ગીતા





# દૈનિક જિનરાજ પદ્યાવલી

✻ રચના ✻

શ્રી સિદ્ધાચલ શ્રુતતીર્થ પ્રણેતા, જ્યોતિષ વિશારદ

માર્મિક પ્રવચનકાર

## પ.પૂ.આ. શ્રી રવિદેવસૂરીશ્વરજી મહારાજા

✻ સંપાદક ✻

*પ.પૂ. ગણિવર્ય શ્રી પ્રિયદેવ વિ. મ.સા. (પદ્યાકર)*

*પ.પૂ. મુનિરાજ શ્રી આગમપ્રિય વિ. મ.સા. (આનંદરાજ)*

*સા. શ્રી યોગરુચીશ્રીજી મ.સા. (બેન મહારાજ)*

✻ પ્રકાશક ✻

**શ્રી રવિદેવસૂરિ ગ્રંથમાળા**

C/o. શ્રી સિદ્ધાચલ શ્રુતતીર્થ, સોનગઢ-પાલીતાણા રોડ,

ગુરુગ્રામ પ્રવેશદ્વાર, માલપરા-૩૬૪૨૭૦.

✻ મૂલ્ય રૂા. 25/- ✻ સં. 2080

✻ પ્રથમ આવૃત્તિ – 3000 ✻ ઇ.સ. 2024

# 1 પ્રાર્થના

શ્રી ઋષભદેવ અરહં છો, માત મરૂનાભિનંદના ।
ઋદ્ધિ ત્યાગી મુનિવર થયા, કરી કષાયો નિકંદના ।।
ષટ્ગુણ ધારક બન્યા છો, આદિ તીર્થપતિ શાસનના ।
ભક્તિ વડે આદિનાથને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી ઋષભ જિન ચૈત્યવંદન

શ્રી આદિશ્વર સાહિબા, મરુદેવાના નંદ,
વનીતા નચરીના ધણી, નાભિરાયા કુલચંદ...૧
કાયા પાંચસો ધનુષ્યની, કંચન વરણી કાયા,
વૃષભ લંછને શોભતા, જિન દર્શન સોહાયા...૨
યશ કીર્તિને પામવા, અષ્ટાપદ નમું આજ,
રામ-અભયને સેવતા, રવિ સીઝે કાજ... ૩

## સ્તવન

(રાગ - જિનને લાખો પ્રણામ)

નાભિરાયાના સુતને, મનવા કરીલે નમન (૨)
સંસાર સાગરમાં ભટકી આવ્યો, દર્શન તારા આજે પાયો,
ભિલાડનગરી માંય મનવા...૧

મુખ મટકાળું અતિશય શોભે,
આંખલડી દેખત ભવીજન મોહે,
વરસે અમૃત ધાર... મનવા...૨
દર્શન કરવા નયનો તરસે, ભાગ્ય અમારૂં આજે ફળશે
ભાગે કર્મના જંગ...મનવા...૩
શાશ્વત સુખના દાયક એ છે, કઠિન કર્મના નાયક એ છે,
ભવો ભવ મિટાવનાર... મનવા...૪
સુરેન્દ્ર રામમાં ભક્તિ જગાવું, અભય મેળવી કર્મ ખપાવું,
રવિ જાય ઋષભ પાસ...મનવા...૫

## સ્તુતિ

પ્રાતઃ ઉઠી વંદુ, ઋષભદેવ ભગવંત,
પ્રિય જિન વંદુ, અભય દેવ ભગવંત,
આગમવાણી સુણુ, આદિ દેવ ભગવંત,
સવિ કર્મ હણુ, રવિ દેવ ભગવંત.

## જાપ

ૐ હ્રીં શ્રી આદિનાથાય નમઃ

**સૌજન્ય**

**શ્રી પ્રાણજીવન હરીલાલ દોશી - બોરીવલી**

## 2 પ્રાર્થના

અજિતનાથ ! પિતા જિતને, છો વિજયા માના જાયા ।
જિનવર બની કર્મ ધોવાને, છોડી જગની માયા ।।
તરણ તારણ દુઃખ નિવારણ, પથ ચિંધ્યા અરિહંતના ।
નાથ બની તારનારને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી અજિત જિન ચૈત્યવંદન

અજય પ્રતાપ અજિતનો, કરી કર્મોથી જીત,
વિજયાદેવી લાડલો, જિતશત્રુ કુલચંદ... ૧
શતચાર પચાસ ધનુષ્ય, કંચન વર્ણી કાયા,
આયુ લખ બહોંતેર પૂર્વનું, વિનિતાનગરી રાય... ૨
સિદ્ધવર સિદ્ધિ આપજો, યશ કીર્તિ સુખ ખાણ,
રામઅભય પદ પામીને, રવિ વરે નિર્વાણ... ૩

## સ્તવન

(રાગ - ભલા કિસી કા કર)

અજિત જિણંદ તારંગા ધણીજી, રવિ તણી અરદાસ,
તુમ આગળ બાળક પણેજી, હું તો કરૂં અરદાસ,
અજિતજી મુજ પાપીને તાર... ૧

આપ જેવા નાથ ક્યાં મલેજી, જ્ઞાન દઈ પ્રભુ તાર,
મહા મોહ શત્રુ માન તોડી, કેવલ જ્ઞાન પદે થાય. ૨
રાગદ્વેષ જીવ વધ કર્યાજી, માયાએ બોલ્યો મૃષાવાદ,
લોભ તણે પરધન હર્યાજી, લંપટપણે વિષય રાગ. ૩
દેવાધિદેવ તમને વિનવુંજી, હે ભવ હરનારા,
આત્મગુણોમાં રમવા ચાહું, હે દેવ દુલારા. ૪
સંસાર રાગથી રામ કરાવોજી, હે અભયના દેનારા,
તુજને શું ઘણું કહીએજી, તું સર્વ વાતે જાણ. ૫

## સ્તુતિ

સિદ્ધવર બીજી ટૂંકે તારંગા ધણી અજિત,
પડિમા નેહે નિહાળી, ચરણ પૂજે અજિત,
આગમવાણી ભાખે, સવિ જિન અજિત,
સમકિત રવિ દેવ, નિવારે વિઘ્ન અજિત.

## જાપ

ૐ હ્રીં શ્રી અજિતનાથાય નમઃ

**સૌજન્ય**

**શ્રી રમીલાબેન પ્રાણજીવન દોશી - બોરીવલી**

# 3 પ્રાર્થના

શ્રી સંભવ ! જિતારી પિતાને, મા સેન્યાના પુત્ર છો ।
સંસાર સાગર તરવા, કહ્યો નવકાર મંત્ર હો ।।
ભક્તિ કરે શ્રાવક શ્રાવિકા, ઉપકારી છો જગના ।
વરબોધિના દેનારને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી સંભવ જિન ચૈત્યવંદન

અસંભવ સંભવ કરે, દત્તધવલ ટૂંક નામ,
સંભવ જિનેશ્વર વંદિયે, જિતારી રાય નંદ... ૧
દુઃખકર દુષ્કાળે કરી, પ્રજા હતી પીડિત,
સેના કુખે આવતા, ટાળ્યા જગના તાપ... ૨
યશ-કીર્તિને પામવા, હરે ત્રિવિધ જંજાલ,
રામ અભય સેવતાં, રવિ સીઝે કાજ... ૩

## સ્તવન

(રાગ - વિમલાચલ ને તુ)

સમેત શિખર નિત્ય વંદીયે, કરીએ સંભવ સેવા,
વીસ જિન પંચમપદમાં, તે ગિરી સેવન મનધારા. સમેત૧
દત્ત ધવલ ટુંક નમિયે, આપ ચરણ ગુણધારા,
અવિનાશી તુજ ભૂમિપામી, સફળ ભયી મુજ કાયા...

સમેત ૨

સેના રાણી કુખે અવતર્યો, શ્રાવસ્તી નગરી રાજીયો,
અવગુણ ભરી હું આવિયો, તુમસાખે ગુણ રાયા...
સમેત ૩

દર્શન તારો દૌલત કારી, વંદને વાંછુ શુદ્ધિ,
વંદન કરી તુજ ચરણે, હૈયડું હેતે છલકાય... સમેત ૪
કીર્તિ કૃપાએ તુજને વિનવું, પામું સદા અભય-રામ,
કર્મ કૃપાળુ મારા કાપીને, રવિને રત્ન દેજો રાય... સમેત ૫

## સ્તુતિ

દત્તધવલ ગિરી, શિવપદ કહે સંભવ,
કર્મ નિકંદન ગિરી, સવિજન કહે સંભવ,
તુજ ભક્તિ કરતાં, અસંભવ કરે સંભવ,
સમકિત રવિ દેવ, નિવારે વિઘ્ન સંભવ.

## જાપ

ૐ હ્રીં શ્રી સંભવનાથાય નમઃ

**સૌજન્ય**

**શ્રી રાગીણીબેન અલ્પેશભાઈ પરમાર - લંડન**

# 4 પ્રાર્થના

અભિનંદન ! તીર્થરાજ છો, પુત્ર સિદ્ધાર્થા માતના ।
ભિન્ન જડ ચેતન જણાવ્યા, રત્ન છો સંવર તાતના ।।
દનમણિ સમા જિનરાજને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી અભિનંદન જિન ચૈત્યવંદન

ચાર કષાય ચુરવા, અભિનંદન વંદન,
આનંદ ગિરિ યાત્રા કરી, માગું પંચમનાણ... ૧
સિદ્ધારથા માતા સુત, સંવર રાય કુલચંદ,
અયોધ્યા નગરી ધણી, પામું પરમાનંદ... ૨
અષ્ટકર્મને જીતવા, યશ કીર્તિ જગરાજ,
રામઅભયને સેવતાં, રવિ પામે શિવરાજ... ૩

## સ્તવન

(રાગ - શ્રીરે સિદ્ધાચલ ભેટવા)

આનંદ ગિરી ભેટવા, મુજ મન ઉલ્લસિત થાય,
અભિનંદન પૂજા કરી, ચરણે લાગું પાય... આનંદ ૧
સમેત શિખરે શોભતી, આનંદ ગિરી ટુંક જાણી,
સંવર નંદન પામતા, હૈયે હર્ષ અપાર... આનંદ ૨
સિદ્ધારથા સુત પ્રણમતા, ટાળે મન સંતાપ,

તારા ચરણો ચુમતા, ઝટપટ ભાગતા કર્મ...        આનંદ ૩
વૈશાખ સુદિ આઠમ દિને, થયા શિવવધુ સ્વામી,
પંચાંગી પ્રણામ કરૂં, કવલ કાપજો સ્વામી...      આનંદ ૪
તુજ રાગીણી મુજ ચેતના, લલચાવે ગુણ ગાવા,
અંતર વીણાના અવાજે રવિને દેજો અભયરામ..આનંદ ૫

## સ્તુતિ

આનંદગિરી ટુંકે, હોવે અભિનંદન,
કર્મ પીડા ટાળે, સવિ અભિનંદન,
તુજ વાણી સુણે, બને અભિનંદન,
સમકિત રવિ દેવ, પામે અભિનંદન.

## જાપ

ૐ હ્રીં શ્રી અભિનંદનનાથાય નમઃ

શ્રી રામ અભય ગૌશાળા
પાલીતાણા.
એક દિવસનો લાભ રૂ. ૫૦૦ /-

**સૌજન્ય**

**શ્રી મનન અલ્પેશભાઈ પરમાર - લંડન**

# 5 પ્રાર્થના

શ્રી સુમતિનાથ ! મેઘરથને, સુમંગલાના લાલ છો ।
સુમતિના છો પ્રકાશક અને જિન શાસન રખવાલ છો ।।
મન રમે છે તવ નામમાં, નિશદિન કરૂંનાથ ! સ્મરણા ।
તિલોક જ્ઞાન દેનારને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી સુમતિ જિન ચૈત્યવંદન

સુમંગલા નંદ સાહિબા, સુમતિ જિનેશ્વર દેવ,
મોહનગિરી મનમોહના, મેઘરાય નંદ સેવ... ૧
શ્રેષ્ઠમતિ ને ધારતા, ગર્ભ પ્રભાવે માત,
કુમતિ દુર્મતિ હરતા, ટાળી વાદની વાત... ૨
તે કારણે સુમતિ પ્રભુ યશકીર્તિ નામકીધ,
રામ અભયને સેવતા, રવિ શિવપદ લીધ... ૩

## સ્તવન

(રાગ - કોણ ભરે કોણ ભરે)

મારા મનમાં રમે, મારા દિલમાં રમે,
સુમતિ જિણંદ મારા મનમાં રમે,
સાચા સુમતિ જિન મારી,
અરજ સ્વીકારો આજ તમે... સુમતિ...૧

પુણ્ય ઉદયથી દર્શન પામ્યો,
સિદ્ધ થશે મુજ કાજ સર્વે... સુમતિ...૨
અવિચલ ટુંકે સુમતિ પ્રેમે,
શિષ ઝુકાવ્યુ સ્વામી અમે... સુમતિ...૩
ચૈત્ર સુદ અજવાળી નોમે,
સમેતશિખર મોક્ષ જાવે... સુમતિ...૪
રાભ અભય ધર્મ પસાયે,
રવિ રત્ન શિવસુખ જમે... સુમતિ...૫

## સ્તુતિ

અવિચલ ટુંકે, શોભે સુમતિ જિણંદ,
હુંકારો કરી વિનવું, આવો સવિ જિણંદ,
આત્મતત્વ વાણી, સુણાવો ભવિ જિણંદ,
સમકિત રવિ દેવ, નિવારે વિઘ્ન જિણંદ.

## જાપ

ૐ હ્રીં શ્રી સુમતિનાથાય નમઃ

**સૌજન્ય**

**શ્રી જાપાનબેન ભીખુભાઈ શાહ - અચ્છારી (વાપી)**

# 6 પ્રાર્થના

શ્રી પદ્મપ્રભુ ! શ્રીધર પિતાને, સુસીમાના સંતાન છો ।
પદ્મ સમા ગુપ્તિ જણાવી, બન્યા છઠા ભગવાન છો ।।
દમન કરજો તૃષ્ણા આગને, પ્રગટ થઈ છે ઝંખના ।
મર્દન પાપ કરનારને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી પદ્મપ્રભ જિન ચૈત્યવંદન

સુશીમાનંદ સાહિબ, શીતલ તુજ મુખ ચંદ,
પ્રભાસગિરિ પ્રભાવે, અજવાલ્યું શ્રીધર નંદ... ૧
ત્રણ લાખ ત્રીસ સહસ, મુનિવરનો સમુદાય,
ચઉ લખ વીસ હજાર સાધ્વી મન ભાય... ૨
સેવી પદ્મ જિનવર યશકીર્તિ સુખદાય,
રામ અભય પ્રણમતાં, રવિ પામો શિવછાય... ૩

## સ્તવન

(રાગ - ઘુંઘટ પટ ખાલો)

મોહનગિરિ ! જાવા મન તલસે
પદ્મ પ્રભુ તુજ મુખડું જોતાં,
આતમમારો હરખે... મોહનગિરિ...૧
સુશીમા રાણીના લાડકવાયા,

મનડું જોવા તરસે...                    મોહન ગિરિ...૨
શ્રીધર રાજાના કુલદિપક,
સર્વે દિશાને ફરસે...                    મોહન ગિરિ...૩
આઠ કર્મની પીડા ટાળી,
મૃગ અગિયારસ દિવસે...              મોહન ગિરિ...૪
વીસ જિન સિદ્ધિ પ્રભાવે,
કર્મ સવિ મલ ટળશે...                 મોહન ગિરિ...૫
ષષ્ટ જિન નમતાં આજે,
રવિ અભય પદ વરશે...                 મોહન ગિરિ...૬

## સ્તુતિ

મોહનગિરિ ટુંકે, પદ્મપ્રભ જિણંદ,
જોતા જન પાવત, સિદ્ધસિવિ જિણંદ,
હોવે સમકિત નિર્મળ, વચન સુણે જિણંદ,
સમકિત રવિ દેવ, વિઘ્ન હરે જિણંદ.

## જાપ

ૐ હ્રીં શ્રી પદ્મપ્રભનાથાય નમઃ

**સૌજન્ય**

**શ્રી ઉપમાબેન ધનેશભાઈ વોરા - લીંબડી**

# 7 પ્રાર્થના

સુપાર્શ્વજી ! રાજા પઈઠને, મા પૃથ્વીના જ્યોત છો ।
પાવન આત્માને કરવા, મનમાં ઉદ્યોત છો ।।
રત્નત્રયે રંગે રંગો, મઢે મિથ્યાનો રંગના ।
સ્વદર્શન કરાવનારને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી સુપાર્શ્વ જિન ચૈત્યવંદન

સપ્તમજિનવર વંદતા, કરતાં પાપ પલાય,
પ્રભાસગિરિ સ્પર્શતા, પાપ ડંખ પ્રગટાય... ૧
સાથ સદા સોહામણો, સેવો કરો ઉલ્લાસ,
દર્શન સપ્તક ટાળવા, નાથ સુપાર્શ્વ ખાસ... ૨
ઘાતિ અઘાતિ દૂરે હટી, પામ્યા અવિચલ સિદ્ધ,
રામઅભયને પ્રણમી કરી, રવિ યશકીર્તિ લીધ... ૩

## સ્તવન

(રાગ - શ્રી સુપાર્શ્વ જિન વંદિયે)

પ્રભાસગિરિ વંદિયે, શ્રી સુપાર્શ્વ જિનરાજ લલના,
વારાણસી નગરીમાં જન્મ્યા, ઈક્ષુકુલ શણગાર લલના.૧
પ્રતિષ્ઠિત રાજાનો કુલદિપક, આવ્યો હું તુમપાસ લલના,
પૃથ્વી માતાનો નંદ નગીનો, શાસન સ્થાપન હર લલના.૨

માંડવગઢનો રાજીયો, અજવાળે ચૌદ રાજ લલના,
તીર્થંકર પદ પુણ્ય પ્રતાપે, પાવન હુએ ત્રણલોક લલના.૩
ચોરાસી લાખ ફેરા ફરતા, પામ્યો તુજ દેદાર લલના,
ભાગ્યોદયે મલ્યો નાથ મારો, સુપાર્શ્વ જિનવર તારો,
લલના..૪
માતંગ યક્ષ, યક્ષિણી શાંતા, સુરેન્દ્ર રામ પામ્યો લલના,
અભય પામે કીર્તિ ગુણે, રવિ ધુળે વિશ્રામ લલના..પ

## સ્તુતિ

પ્રભાસગિરિ સોહે, સપ્તમનાથ સુપાસ,
સમેતશિખર જાવે, સવિ શિવસુખ પાસ,
જિન આગમભાખે, વિષ નિવારણ ખાસ,
સમતિ રવિ દેવ, થાયે સવિકર્મ નાશ.

## જાપ

ૐ હ્રીં શ્રી સુપાર્શ્વનાથાય નમઃ

**સૌજન્ય**

**શ્રી જયદીપ દિપકભાઈ પરમાર - મહેસાણા**

# 8 પ્રાર્થના

ચંદ્રપ્રભુ! પિતા મહાસેનને, લક્ષ્મણાના પ્રાણ છો ।
દ્રવ્ય ભાવે મોહ હટાવી, પામ્યા વિભુ ! નિર્વાણ છો ।।
પ્રશસ્ત પ્રગતિ કરવા માટે, મર્મ બતાવ્યા ધર્મના ।
ભુવન ત્રિલોક પ્રકાશકને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી ચંદ્રપ્રભ જિન ચૈત્યવંદન

અષ્ટમ જિનવર વંદતા, અષ્ટ કર્મ પલાય,
લલિત ઘટ પ્રભુ આઠમા, સિદ્ધ સુખ પ્રગટાય... ૧
લક્ષ્મણા કુખે આવતાં, ઉપન્યા દોહદ ત્યાંય,
પાન કરૂં શ્રી ચંદ્રમા, મહસેન પુરે ત્યાંય... ૨
સુરેન્દ્ર પદ પૂજતા, અષ્ટકર્મ ક્ષય કાજ,
યશકીર્તિ રવિ પામતા, રામઅભયસૂરિ રાજ... ૩

## સ્તવન

(રાગ - નિલુડી રાયણ તરૂ તળે)

ચંદ્રપ્રભ જિનરાજ સુણ સાહિબા,
અષ્ટકર્મ ચુરણ કરે રે ગુણ ગરિમા... ૧
સમેત શિખર શોભતા સુણ સાહિબા,
લલિત ઘટ પ્રભુના પાય રે ગુણ ગરિમા... ૨
મહસેન કુલે આવિયા સુણ સાહિબા,

લક્ષ્મણા કુખે સોહતા રે ગુણ ગરિમા... ૩
ચંદ્ર લંછન ઉજજવલો સુણ સાહિબા,
ચંદ્રપુરીનો રાજિયો રે ગુણ ગરિમા... ૪
રાત દિવસ તને જપું સુણ સાહિબા,
અપુરવ શીતલ ધાર રે ગુણ ગરિમા... ૫
ભાદરવા વદી સાતમે સુણ સાહિબા,
પામ્યા શિવવધુ નાર રે ગુણ ગરિમા... ૬
આતમમારો તાર સુણ સાહિબા,
વિનવું વારંવાર રે ગુણ ગરિમા... ૭
રામ અભય કૃપા એ સુણ સાહિબા,
રચના રવિથી થાય રે ગુણ ગરિમા... ૮

## સ્તુતિ

લલિતઘટ નમું ચંદ્રપ્રભ જિણંદ,
સકલ કર્મ વમું, ચંદ્રપ્રભ જિણંદ,
જિનવર વાણી સુણું ચંદ્રસમ જિણંદ,
સમકિત રવિદેવ, ચંદ્રપ્રભ જિણંદ.

## જાપ

ૐ હ્રીં શ્રી ચંદ્રપ્રભાય નમઃ

**સૌજન્ય**

**ચિ. અર્હમ્ મૌલિક શાહ ખીમત/મુંબઈ**

## ૯ પ્રાર્થના

શ્રી સુવિધિ જી ! તવ નામથી, ઘણાં સિદ્ધ ગતિ વરી ગયા ।
સુગ્રીવને રામા માત ના, નામ રોશન કરી ગયા ।।
વિધિપૂર્વક સિદ્ધિ મેળવવા, ગાવુંનાથ ! તવ સ્તવના ।
ધિન માર્ગ બતાવનારને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી સુવિધિ જિન ચૈત્યવંદન

નવમા જિનવર વંદતા, રામાદેવી નંદ,
મનોહર સુપ્રભ ગિરિ, પામે સુવિધિ જિણંદ... ૧
શ્વેત દંત પંક્તિ થકી, અવર પુષ્પદંત નામ,
સુગ્રીવ કાકંદી ધણી, કરતા જિનગુણ ગ્રામ... ૨
નવગ્રહ પીડા ટળે, યશકીર્તિ પામે જીવ,
રામઅભય પ્રતાપથી, પંડીત રવિ લહે શિવ... ૩

## સ્તવન

(રાગ - મારા નાથની બધાઈ)

સુવિધિ જિન જગ ગાજે છે (૨)
કાકંદી પુરી રાજીયો પ્રભુજી, રામા કુક્ષે આવે છે..૧
સુગ્રીવ કુલનો ચંદ પ્રભુજી, ત્રિલોક અજવાળે છે..૨
મોક્ષતણો મારગ બતાવવા, શ્રમણ પંથે પદ ભરે છે...૩

સમેત શિખરે સુવિધિ જિનેશ્વર, સુપ્રભગિરિ શિવ વરે છે.૪
સુવિધિ સંયમ આચરીને, રવિ અભયપદ પામે છે...૫

## સ્તુતિ

સુપ્રભગિરિ સારી, બને પાવનકારી,
સુવિધિ વીસ તારી, હરે વ્યાધિ અપારી,
સુવિધિ તત્વ વાણી, બનાવે મોક્ષ ધામી,
સમકિત રવિ લાવી, હોવે કર્મ નિવારી.

## જાપ

ૐ હ્રીં શ્રી સુવિધિનાથાય નમઃ

શ્રી અવંતિ પાર્શ્વ ક્લીનિક
(ફ્રી દવાખાનું)
એક દિવસનો લાભ રૂા. ૧૦૦૦ /-

સૌજન્ય

શ્રી તેજસ સાવલા - નાંયગાંવ (દાદર)

## 10 પ્રાર્થના

શ્રી શીતલ દ્રઢરથ પિતાને, મા નંદાના હાર છો ।
શીતલતા મળે તવ નામે, અનેકો તારનાર છો ।।
તપસ્વી બની સંસાર તરૂં પામું પ્રભુ ! તું જ શરણા ।
લય કર્મ કરનારને ભાવે હો રવિ વંદના ।।

## શ્રી શીતલ જિન ચૈત્યવંદન

કામજીવનની દશદશા, ટાળો શ્રી શીતલનાથ,
પંચમગતિ ને પામવા, નિત્ય નમું મહારાજ... ૧
સુખ દુઃખને પડકારવા, ધર્મ તણો રણકાર,
શિવ સુખના દાતાર છો, દશમા શીતલનાથ... ૨
ભીડ ભાંગે ભાવઠ ટળે, પામ્યો અભયરામ,
કીર્તિ લબ્ધિ સદા પામવા, રવિ સુર સ્વીકાર... ૩

## સ્તવન

(રાગ - દેખી શ્રી પાર્શ્વતણી)

ચાલ લહી મને, શીતલનાથની (૨)
વિનતી કરૂ કર જોડી રે..મોક્ષગામી ભવથી ઉગારજો (૧)
પ્રભુ દર્શન છે, શિતલ જેમ ચંદન (૨)
ઉજ્જવલ ચંદ્ર સમાન રે... મોક્ષગામી ભવથી ઉગારજો(૨)

વદન અપૂર્વ છે, શિતલ મનમોહન (૨)
જોઉં નયણાં જોડી રે... મોક્ષગામી ભવથી ઉગારજો (૩)
મુખડું જોતાં પ્રભુ, પોતે મને મળીયા (૨)
શિતલ વાન સનુર રે... મોક્ષગામી ભવથી ઉગારજો (૪)
નામરસાયણ, જગ સહુ ભાખે (૨)
મરણ ન જાણે કોઈ રે... મોક્ષગામી ભવથી ઉગારજો (૫)
બ્રહ્મા યક્ષ જન, સેવા કરે છે (૨)
અશોકા ઘરે પ્રભુ ધ્યાને રે. મોક્ષગામી ભવથી ઉગારજો (૬)
રવિ સરાગીને, પ્રભુ અભય આપજો (૨)
અંતરના વિસરે ઉચાટ રે..મોક્ષગામી ભવથી ઉગારજો (૭)

## સ્તુતિ

વિબુધ ગિરી વંદું, કર જોડી ભાવથી,
શિતલ છાયા સારૂં, મન મોહ્યું આપથી,
આગમવાણી વરૂં, તરૂં ભવના દાવથી,
સમકિત રવિ દેવ, નિવારો મુજને પાપથી.

## જાપ

ૐ હ્રીં શ્રી શિતલનાથાય નમઃ

**સૌજન્ય**

**માતુશ્રી ચંચળબેન ચીમનલાલ સાવલા - દાદર**

## 11 પ્રાર્થના

શ્રેયાંસ ! વિષ્ણુ મા બાપનાં, આંખોના શણગાર છો ।
યાંચા કરૂં કલ્યાણ કરજો, પ્રભુ ! કલ્યાણહાર છો ।।
સમકિતી બની તવ નામથી છોડું સમ્યક્ પંથના ।
જીવને શિવ કરનારને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી શ્રેયાંસ જિન ચૈત્યવંદન

હે શ્રેયાંસ જિનેશ્વરા, એક જ છે અરમાન,
સંકુલગિરિ આપ પામીયા, અમે પામીએ તેહ... ૧
શ્રેય કરૂં જગ જીવનું, વિષ્ણુ દેવી નંદ,
અંતર આત્મા જગાડજો વિષ્ણુ કુલચંદ... ૨
સુરેન્દ્ર ભવ ભય હરી, રામ અભય ઉદાર,
યશકીર્તિ સોહામણો, રવિ જગ મનોહાર... ૩

## સ્તવન

(રાગ - લાખ લાખ વાર પ્રભુ)

લાખ લાખ વાર કરૂં, પ્રભુજીને વંદના,
વંદનાથી પાપ પલાય, શ્રેયાંસ જિન ચરણે હો વંદના
ભક્તિ પ્રભુ તારી ભવ હરનારી, હૈયે હર્ષ ઉભરાય.શ્રેયાંસ.૧
સાતમા કલ્પ થકી, પ્રભુ તમે ચવીયા,
વૈશાખ કેરી છઠ્ઠે રે... શ્રેયાંસ..૨

માત તાત સમ, વિષ્ણુ નંદન, હરખે જન સમુદાય રે...
શ્રેયાંસ...૩

દુર્લભ માનવ, જન્મ જ પામી, પામ્યો પ્રભુ તુજ પાય રે..
શ્રેયાંસ...૪

ભવોભવ તુમ, ચરણોની સેવા, માંગુ દેવાધિદેવ રે...
શ્રેયાંસ...૫

કલ્યાણક ચાર, સિંહપુરીમાં, છેલ્લું સંકુલ ગિરિરાજ રે...
શ્રેયાંસ...૬

રામસૂરીશ્વરજી, તપગચ્છ રાયા, રવિ વંદી અભય થાય રે.
શ્રેયાંસ...૭

## સ્તુતિ

સંકુલગિરિ સુહંકરૂં, નામે શ્રેયાંસનાથ,
સમેત વીસ જિનવરૂં, જામે શ્રેયાંસનાથ,
દુરિત દોહગ અપહરૂ, વચને શ્રેયાંસનાથ,
સમકિત રવિ દેવ, પામે શ્રેયાંસનાથ.

## જાપ

ૐ હ્રીં શ્રી શ્રેયાંસનાથાય નમઃ

**સૌજન્ય**

**શ્રી પાર્શ્વકુમાર ભુપતરાય શાહ - ભાવનગર**

## 12 પ્રાર્થના

વાસુપૂજ્ય ! વસુપૂજ્ય પિતાને, મા જયાના રત્ન છો।
સુખી બનાવવા અણુવ્રત દઈ, કરી ગયા પ્રયત્ન છો ।।
પૂજનીય છો ત્રણ લોકના સ્વીકારો મમ અર્ચના ।
જયવંત પદ દેનારને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી વાસુપૂજ્ય જિન ચૈત્યવંદન

શ્રાવક બારવ્રત આપતા, વાસુપૂજ્ય જિનરાજ,
મોક્ષ ગતિને પામવા, મુજ હૈયાની વાત... ૧
નિર્મળ બુદ્ધિ વિણ સંપજે, કાર્ય ન કોઈ જિનરાજ,
જાણી તુજ આગમથકી, સેવું ચરણ સુખદાય... ૨
કીર્તિ લબ્ધિ પ્રતિબોધતાં, શાન્તિ સમસુખથાય,
આત્મગુણ વિકસાવીને, રવિ અભય પદ થાય... ૩

## સ્તવન

ચંપાપુરીના વાસી જિનને લાખો પ્રણામ,
પ્રભુને ક્રોડો પ્રણામ...
વસુરાયાના પુત્ર કહાયા, માતા જયા દેવીના જાયા,
વાસુપૂજ્ય નામઠાયા... જિનને...૧
ચ્યવન જન્મમહોત્સવ ગાયા, છપ્પન દિગકુંવરી હુલરાયા
મેરૂગિરિ અભિષેક કરાયા... જિનને...૨

રક્તવરણ સોહે જિનરાયા, સિત્તેર ધનુષ્યની કાયા,
ચંપાપુરી નગરીના રાયા... જિનને...૩
ભોગવી સુખ સંસારના સ્વામી, વર્ષીદાન દિયે શિવકામી,
ચારિત્ર ધર્મ સ્વીકારી... જિનને...૪
મનઃપર્યવ તપ ઉપનાયા, ઘાતી કર્મ નાશ કરાયા,
સમવસરણ વિચરાયા... જિનને...૫
બાર પર્ષદા સુણાતા ભાયા, કેઈ ભવિજન કર્મ ખપાયા,
નેહ પ્રિત જય પાયા... જિનને...૬
કારતક વદી ચોથે રચાવે વાસુપૂજ્યનું ધ્યાન ધ્યાવે,
જિનરાજ અર્પિત ગાવે... જિનને...૭

## સ્તુતિ

વ્હાલા વાસુપૂજ્ય, કૃષ્ણનગર શણગાર,
ચોવિસ તીર્થંકર, સ્વરૂપ રમણ શિરદાર,
વાણી સુધારસથી, મીટે અજ્ઞાન અંધકાર,
સમકિત રવિદેવ, કરે જિનભક્તિ ઉદાર.

## જાપ

ૐ હ્રીં શ્રી વાસુપૂજ્યાય નમઃ

**સૌજન્ય**

**શ્રી ઘુંઘરૂ જ્વેલર્સ**

# 13 પ્રાર્થના

શ્રી વિમલ ! કૃતવર્મા પિતાને, શ્યામાના બહાર છો ।
વિમલ કરી આત્મરામને, મનનાં મેલ હરનાર છો ।।
મન લગાવ્યું તવ ભક્તિમાં, કુદેવની કરું સંગના ।
લગનીથી ચરણ કમલમાં, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી વિમલ જિન ચૈત્યવંદન

તેરમાં જિનવર વંદિયે, બલસાણા તીર્થરાયા,
મહિમા જગ ગાજતો, વિમલ નિર્મળરાય... ૧
કંપીલપુર નયરી ધણી, કૃતવર કુલચંદ,
નિર્મલગિરી સિદ્ધિ વરે, શ્યામાદેવી નંદ... ૨
ત્રિલોકમાં ઉત્તમપ્રભુ, યશકીર્તિ જગનાથ,
રામઅભય શિવવધુ, રવિ નિર્મલ સાથ... ૩

## સ્તવન

(રાગ - સિદ્ધારથના રે નંદન)

કૃતવરનારે નંદન વિનવું, કૃપા કરોને દયાળું,
દોષોને વમી, પુણ્યને ભરી, આતમનિર્મળ કરું... ૧
નિર્મળ ગિરીના વિમલ જિનજી, ભવજલ દુર્ગતિ ટાળી,
તેરમા જિન તેરે દેહ કી, પડિમા પાવનકારી... ૨

વિરહ વેદના સહી ઘણી, હવે નથી સહેવાતું,
અધ્યાત્મ રવિ જો પ્રગટે, મોહ તિમિર હટાવું... ૩
સો વાતે એક વાતડી મારી, જિન યોગે ઘો તારી,
શ્યામા માતાના જાયા જિનજી, પ્રિય નજરે નિહાળી.. ૪
વીસ સ્થાનક પુણ્ય પ્રભાવે, બલસાણા યાત્રા કીધી,
રવિ વિમલ વિશેષ ધ્યાને, અરિહંત આગમધારી... ૫
બે હજાર ઓગણસાઠ વર્ષે, સમેત શિખર સ્પર્શના કીધી,
રામ અભય જો કૃપા વરસે, રવિ વરે શિવનારી... ૬

## સ્તુતિ

બલસાણા તીર્થે, વિમલનાથ ભગવંત,
જગત ઉપકારી, શોભે સવિ અરિહંત,
જિનવાણી સુણતાં, લહીયે ભવનો અંત,
સમકિત રવિ દેવ, નિવારે સવિ વિઘ્ન.

## જાપ

ॐ ह्रीं શ્રી વિમલનાથાય નમઃ

સૌજન્ય

**શ્રી પૂર્વાંગ અશોકભાઈ શાહ - મુંબઈ**

# 14 પ્રાર્થના

શ્રી અનંત ! સિંહસેનનને, માતા સુયશાના સુત છો ।
અનંતજ્ઞાની ! કૃપા કરજો, ચમત્કારી અદ્ભૂત છો ॥
નંદનવન જીવન કરવા, તુજ નામ કરૂ છું રટના ।
તત્વ જ્ઞાન દેનારને, ભાવે હો રવિ વંદના ॥

## શ્રી અનંત જિન ચૈત્યવંદન

અનંત જિનવર વંદિયે, સિંહસેન નૃપ નંદ,
સુયશાદેવીનો લાડલો, વદન શારદ ચંદ... ૧
અંત કરી સંસારનો, ચૌદ રાજની ટોચે,
સ્વયંભુ ગિરિ ચૌદમા, આવ્યા શિવવધુ સોચે... ૨
યશકીર્તિ ગુણે કરી, લીધા જગ બહુમાન,
સેવું રામઅભય દેવ, રવિ વાંછે અરમાન... ૩

## સ્તવન

(રાગ - કંકુ છીંટી કંકોતરી)

ધન્ય ધન્ય સ્વયંભુગિરીને, જિહાં સિદ્ધગયા અનંતનાથ,
વંદન કરૂં હાથ, તીરથ નમું ભાવથી...
જિહાં સિંહસેન સુત આવીયા, સુયશા દેવી કેરાનંદ,
વદન પૂનમચંદ... તીરથ નમું ભાવથી... ૧

ત્રીસ લાખ વરસ આયુ પ્રભુ, સિંચાણો લંછન સાર,
કાયા કંચન વાન... તીરથ નમું ભાવથી... ૨
અનંત કરુણા તમે કીધી, દીધી દેશના જન હિતકાર,
જાણે અમૃત ધાર... તીરથ નમું ભાવથી... ૩
હૃદયમાં ધ્યાન જે ધરંતા, કર્મની નિર્જરા કરતાં,
તુમચરણે જિનરાજ... તીરથ નમું ભાવથી... ૪
અનંત ગુણી રામસૂરિરાય, તુમસમઅભય બનાવ,
થાયે રવિ ભવપાર... તીરથ નમું ભાવથી... ૫

## સ્તુતિ

સ્વયંભૂગિરી પ્રણમી, નમું અનંતનાથ,
સવિ જિનવર સ્મરી, જાવું અનંતનાથ,
ત્રિપદી શ્રવણ સુણી, ધ્યાવું અનંતનાથ,
સમકિત રવિ દેવ, પામું અનંતનાથ.

## જાપ

ૐ હ્રીં શ્રી અનંતનાથાય નમઃ

**સૌજન્ય**

**શ્રી લાભુબેન દશરથલાલ પરીખ પરિવાર**

**અમદાવાદ હ. કલ્પેશભાઈ**

## 15 પ્રાર્થના

શ્રી ધર્મનાથ ! ભાનુ પિતાને, સુવ્રતાના નયન છો ।
ધર્મોપદેશ જીવને દઈ, કર્યા કર્મો દહન છો ।।
રહુ લીન ધર્મ ધ્યાનમાં, પ્રભુ છો ચતુર્વિધ સંઘના ।
મન મંદિરે વસનારને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી ધર્મ જિન ચૈત્યવંદન

રત્નપુરી નયરી પ્રભુની, જન્મ્યા છે ધર્મનાથ,
સુવ્રતા માતા વિભુની, ભાનુ ધર્મનાથ... ૧
પિસ્તાલીસ ધનુ પ્રભુજી, સુવર્ણ દેહ ધર્મનાથ,
દત્તવર ટુંકે પ્રભુજી, મોક્ષ ગયા ધર્મનાથ... ૨
યશ કીર્તિ રામપ્રભુજી, ધારે છે ધર્મનાથ,
અભય રવિ જિનજી, ચાહે છે ધર્મનાથ... ૩

## સ્તવન

(રાગ - મેં કીનો નહીં )

હું આવ્યો પ્રભુ આપ હો જિનજી, હું આવ્યો પ્રભુ આપ
ધર્મ જિનેશ્વર ધર્મ દાયક તું,
જગશરણ આધાર હો જિનજી, હું આવ્યો... ૧
રત્નપુરી નગરી પ્રભુજી,

સુવ્રતા માતા મનોહાર હો જિનજી, હું આવ્યો... ૨
ભાનુ કુલ ભાનુ તુ પ્રગટ્યો,
સાચો તુ કીરતાર હો જિનજી, હું આવ્યો... ૩
મિથ્યાત્વ ભાવ મિટાવવા,
સમ્યક્ત્વ દીપ પ્રગટાવ હો જિનજી, હું આવ્યો... ૪
રામસૂરિ અભય દાવે,
રવિ કિરણ ફેલાય હો જિનજી, હું આવ્યો... ૫

## સ્તુતિ

દત્તવરટુંક ધણી, ધ્યાવું ધરમનાથ,
સવિ જિનવર નમી, સાધે શિવપુર સાથ,
ધર્મ પ્રચારક વાણી, કાપે કર્મ કઠિન હાથ,
સમકિત રવિ દેવ, બને શિવવધુ નાથ.

## જાપ

ૐ હ્રીં શ્રી ધર્મનાથાય નમઃ

સૌજન્ય

શ્રીમતિ મસીયાબાઈ દાનમલજી ખાટેડ -ભાંડુપ

# 16 પ્રાર્થના

શાંતિનાથ વિશ્વસેનનને, માત અચિરાના નંદ છો ।
તીર્થંકર ! તવ જાપ વડે, આપો શાંતિ આનંદ છો ।।
નાથ બન્યા છો અનાથના, ચક્રવર્તી છ ખંડના ।
થયેલ મુક્તિ નિવાસીને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી શાન્તિ જિન ચૈત્યવંદન

પ્રભાસગિરિ જિનવરવંદતા, અચિરાદેવી નંદ,
ગજપુર નચરી સેવતાં, વિશ્વસેન કુલચંદ... ૧
મરકી મારી નિવારતા, માતા ગર્ભ પ્રભાવ,
જગ શાંતિ પ્રસરાવતા, તર્યા સંસાર નાવ... ૨
રામ અભયને પામવા, વંદુ શાંતિ અરિહંત,
યશ કીર્તિ કૃપા વરવા, રવિ ઝંખે ભગવંત... ૩

## સ્તવન

(રાગ - વંદના - વંદના - વંદના રે...)

નમીયે નમીયે નમીયે રે, શાંતિ જિણંદની નમીયે,
શાંતિદાયક સોલમા જિનેશ્વર,
પુંજી પાપ નિકંદીયે રે... શાંતિ...૧
માતા અચિરા કુખે અવતરિયા,

વિશ્વસેન કુલે જન્મ્યા રે... શાંતિ...૨
મૃગ લંછન પાય તુજ શોભતું,
દેજો ભવોભવ સંગાથ રે... શાંતિ...૩
પ્રભાસ ગિરી ટુંક ઉપર,
દિધી શિવસુંદરીને બાથ રે... શાંતિ...૪
રામઅભયના શિષ્ય વિનવે,
રવિને દેજો શિવનારી રે... શાંતિ...૫

## સ્તુતિ

પ્રભાસગિરિ આવતા, શાંતિનાથને દેખતા,
સવિ કર્મ ખપાવતા, શાંતિનાથને સેવતા,
સમ્યગ્ રત્ન લાવતા, શાંતિનાથને સુણતા,
સમકિત રવિ દેવતા, શાંતિનાથને પુજતા.

## જાપ

ૐ હ્રીં શ્રી શાંતિનાથાય નમઃ

સૌજન્ય

**શ્રી મંજુલાબેન હસમુખભાઈ વાલાણી**
**વડવાળા**

## 17 પ્રાર્થના

કુંથુનાથ ! પિતાશૂરને, મા શ્રીના ઝવેરાત છો ।
થુઇ કરૂં હૈયે હિલોરે, અરિહંત કેરા પ્રભાત છો ॥
નાથ બન્યા છો અનાથના, ચક્રવર્તી છ ખંડના ।
થયેલ મુક્તિ નિવાસીને, ભાવે હો રવિ વંદના ॥

## શ્રી કુંથુ જિન ચૈત્યવંદન

જ્ઞાનધર ટૂંકે પૂજીયે, કુંથુ જિનચરણ,
માતા શ્રી નંદ વંદીયે, સુર નમી શરણ... ૧
આત્મઅશાંતિ ટાળવા, કરી અમૃત છંટકાવ,
અભયદાન દાતા પ્રભુ, બોધિ રયણ દેનાર... ૨
ભવ અટવી ઓળંગવા, યશ કીર્તિ હિતકાર,
રામ અભય મલવા થકી, રવિ શ્રુત દાતાર... ૩

## સ્તવન

(રાગ - દેખી શ્રી પાર્શ્વતણી)

અમીભરી દ્રષ્ટી, શ્રીમાતા નંદની,
જન્મ્યા શ્રી જિનરાજ રે...
કુંથુ તારા પગલા પાવનીયાં, તાત શુર રાજવી,
મિથિલા નગરી રાજીયો,

સત્તરમાં કુંથુ ભગવંર રે. કુંથુ...૧
કુંથુ જિનેશ્વર, કીર્તિ તમારી,
સર્વ દિશાએ ફેલાય રે... કુંથુ...૨
દુરિત ટાળે, દર્શન પામે,
વીતરાગ તારૂં નામ રે... કુંથુ...૩
કર્મોને કાઢવા, નિજ સુખ પામવા,
તુજને નમે જગમાન રે... કુંથુ...૪
વૈશાખ વદી, એકમ દીને,
શીવ જાય જ્ઞાનવર ટુંક રે... કુંથુ...૫
રામ આશિષે, અભય ગુરૂ પામવા,
રવિ નમે વારંવાર રે... કુંથુ...૬

## સ્તુતિ

ભવ અંત કરવા, પૂજો તે કુંથુનાથ,
સવિ જિનવર નિશ્ચે, વંદો તે જ્ઞાનધર,
સુણો ભવિ પ્રેમે, જિનવાણી હિતકાર,
સમકિત રવિદેવ પામે ભવજલ અંત.

## જાપ

ૐ હ્રીં શ્રી કુંથુનાથાય નમઃ

**સૌજન્ય**

**શ્રી ખાન્તિલાલ ગિરધરલાલ દેસાઈ-બોટાદ**

## 18 ~ પ્રાર્થના

અરનાથ ! મહાદેવીમાના, ઉત્તમ અંગજાત છો ।
રમું સુદર્શનના પુત્રમાં, તીર્થંકર ! જગતાત છો ।।
નાથ બન્યા છો અનાથના, ચક્રવર્તી છ ખંડના ।
થયેલ મુક્તિ નિવાસીને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી અર જિન ચૈત્યવંદન

નાટકગિરી ટુંકે વંદો, દેવી રાણીનો નંદ,
વર્યા કેવલ શ્રી રાજ, સુદર્શન નૃપ કુલચંદ... ૧
રાગ દ્વેષ બંધન તોડી, પામે કેવલ જ્ઞાન,
દુવિધ ધર્મ પ્રકાશતાં, ગાયે સુરનર ગાન... ૨
યશ કીર્તિ સંગ પામતા, નીરખી મન હરખાય,
રામઅભય થકી નિર્મલા, રવિ જગ ફેલાય.. ૩

## સ્તવન

(રાગ - હમમગન ભયે પ્રભુ)

અરિજન આપો મુક્તિમાં વાસ (૨)
શુભા શુભ મન ભાવથી (૨)
આતમ પામે શાત... અરજિન...૧
રાય સુદર્શન મા દેવી તણા (૨)

દિલ આનંદ ઉભરાય... અરજિન...૨
ઘાતી કરમ છૂટ્યા પછી (૨)
અઘાતિ છૂટે આપ... અરજિન...૩
અષ્ટાદશ જિનવરપૂજતા (૨)
ટાલે ભવ જંજાલ... અરજિન...૪
અષ્ટકર્મ ચુરણ કરી (૨)
નાટકગિરી શિવનાર... અરજિન...૫
અભયરામ આનંદિત હૈયે (૨)
રવિ સુખમાં ઝીલાય... અરજિન...૬

## સ્તુતિ

નાટકગિરી મંડન, ટાલો મુજ ભવપાપ,
ઈમચોવીસ પ્રણમો, જિનશાસન અરનાથ,
સ્વીકારી જિન વાણી, કરો પાતિક પરિહાર,
સમકિત રવિ દેવ, પામે મિથિલા રાય.

## જાપ

ૐ હ્રીં શ્રી અરનાથાય નમઃ

સૌજન્ય

**શ્રી વિજય ધીરજલાલ શાહ - ભાવનગર**

# 19 પ્રાર્થના

મલ્લિનાથ ! કુંભરાજાને, પ્રભાવતીના સાર છો ।
લિજ્જત મળે તવ નામથી, દુઃખિયાનો આધાર છો ॥
નામ લાગે મને પ્યારૂં, તવ તેજે રહે તંતના ।
થતું પાપ રોકનારને, ભાવે હો રવિ વંદના ॥

## શ્રી મલ્લી જિન ચૈત્યવંદન

સબલગિરી મંડન મલ્લિ, આશ કરી તુજ ખાશ,
પ્રભાવતી કુંભ નંદન મલ્લિ, સમરૂં શ્વાસોશ્વાસ... ૧
પ્રભુ દર્શન દુરિત હરે, વંદન વાંછિત કાર,
અદ્‌ભૂત અતિશય આપના, નમો નમો સુખ દાતાર.૨
અહંભાવ અળગો કરી, નમ્ર બની નમું આજ,
યશ કીર્તિ રવિ આપજો, રામ અભય જિનરાજ... ૩

## સ્તવન

(રાગ - થોડા થોડા થાઓ વરણાગી)

પ્રભુ લગની તમારી લાગી, હો મલ્લી પ્રભુ લગની,
હવે થાવું મારે વીતરાગી, હો મલ્લી પ્રભુ લગની,
મિથિલા નગરીનો રાજીયો, કુંભ નરેશ કુલ દિપક,
હવે પ્રભાવતી કુખ અજવાળી... હો મલ્લી પ્રભુ..૧

પરમ યોગીશ્વર પરેમેશ્વરો, તું જગમાં રૂપવંત,
હવે ધુન તમારી એક લાગી... હો મલ્લી પ્રભુ...૨
ભવોભવ ભટકે સુખના ચટકે, કરતો મોહિની ચારી,
હવે ભ્રમણા મારી ગઈ ભાંગી... હો મલ્લી પ્રભુ...૩
ફાગણ વદી બારસ દિને, સબલગિરી શિવ હુએ,
હવે થાઉં હું તેનો રાગી... હો મલ્લી પ્રભુ...૪
ભવોભવ નાથ મેં કીધો, રામ અભયનો સંગ,
કહે રવિ રતન વૈરાગી હો મલ્લી પ્રભુ...૫

## સ્તુતિ

ભોયણી તીર્થ પ્રણમો, મલ્લીનાથ ભગવંત,
સબલગીરી હોજો, સિદ્ધ મલ્લી ભગવંત,
આગમવાણી ગુંથો, ગણધર ભગવંત,
સમકિત રવિ દેવ, પાર કરો ભગવંત.

## જાપ

ૐ હ્રીં શ્રી મલ્લિનાથાય નમઃ

**સૌજન્ય**

**ચિ. નિરવી નિમેશ પરમાર - અમદાવાદ**

## 20 પ્રાર્થના

મુનિસુવ્રત ! પિતા સુમિત્રનાં, મનના કોહીનૂર છો ।
નિજ માતા પદ્માવતીનાં, થયાં નયનના નૂર છો ।।
સુખે ચરમ ગુણસ્થાન ચઢું , ત્યાં સુધી મળે જપના ।
વ્રતાદિ જ્ઞાન દેનારને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી મુનિસુવ્રત જિન ચૈત્યવંદન

વીસમા મુનિસુવ્રત પ્રભો, નિર્જર ગિરી કિરતાર,
પદ્માવતી માતા નમું, સુમિત્ર કુલ અવતાર... ૧
માતાપિતા વિરતિ વર્યા, કરાતાં તમારો પ્રેમ,
સંપદ સંતતિ કારણે, ચાહું તુજ રહેમ... ૨
જિમ ચિંતા સઘળી, યશ કીર્તિ જગદીશ,
રામઅભય સુપસાયથી, રવિ નમે જગદીશ... ૩

## સ્તવન

(રાગ - ઓ શંખેશ્વરા પાર્શ્વ પ્રભુ)

મુનિસુવ્રત જિન દરિસણ તરસિયે, દરિસન દુર્લભ દેવ રે,
શામલડી સુરતે મન મોહિયો, લાગી મુજ મન જોર રે...૧
અમને આશાપુરણ પારખું, એ પ્રભુજી અંગીકાર રે,
દેખી દિલ બદલે નહિં રે, અમચા દોષ હજારે રે... ૨

અરહટ ક્ષેત્રની ભૂમિકા, સીંચે કૃતારથ હોય રે,
ધરાધર સઘળી ધરા રે, ઉદ્ધરવા સજ્જ જોય રે... ૩
તે માટે અશ્વ ઉપરે રે, આણિ મનમાં મહરે રે,
આપે આયા આફણી રે, બોધવા ભરૂચ શહેર રે... ૪
ગિરુઆ સાથે ગોઠડી રે, તે તો ગુણનો હેત રે,
કરે ચંદન નિજ સારીખા રે, જિમ તરૂઅરનો ખેત રે... ૫
સંબંધ પણ તુજ મુજ વિચે રે, સ્વામી સેવક ભાવ રે,
રાજ કહે હવે મહેરનો, ન રહ્યો અરજ પ્રસ્તાવ રે... ૬

## સ્તુતિ

ભૃગુકચ્છ નગરે, શોભે મુનિસુવ્રત,
નિર્જરગિરી હોવે, સિદ્ધ મુનિસુવ્રત,
બાવન ચંદન સમી, વાણી મુનિસુવ્રત,
સમકિત રવિ દેવ, પ્રિય મુનિસુવ્રત.

## જાપ

ૐ હ્રીં શ્રી મુનિસુવ્રતાય નમઃ

સૌજન્ય

**શ્રી દિલીપભાઈ પોપટલાલ શાહ - દાદર**

## 21 પ્રાર્થના

નમિનાથ ! રાજા વિજયને, મા વિપુલાના પ્યારા છો ।
મિત્ર બનાવી સર્વ જીવને, થયા તારનારા છો ॥
નામના મળે તવ નામથી, તુટી જાય ભવ ફંદના ।
થયેલ અશરીરી જિનને, ભાવે હો રવિ વંદના ॥

## શ્રી નમિ જિન ચૈત્યવંદન

હે નમિતુજ યોગનો, એક જ છે આધાર,
ભક્તિથી ભીંજાયા ઉર, તૂટ્યા કર્મના નુર... ૧
માત વપ્રા તાત વિજય, મિથિલા નયરી સાર,
નિલ કમલથી અંકિત, નમિલંછન વિચાર... ૨
મિત્રધર ટુંક પ્રભાવથી, શિવસુખ વર્યા નમિ,
યશ કીર્તિ રામ કહે, અભય શિષ્ય બને કવિ... ૩

## સ્તવન

(રાગ - પદ્મ પ્રભ પ્રણસે પ્યારા)

નમિજિન આજમારા, પધારો દિલના દ્વારે,
અનંત કાલ ભમીયો, નરક નિગોદમાં વસીયો... ૧
સાથે રમતાને ભમતા, સુખ દુઃખ સાથે ખમતાં,
મને મુકીને રડતા, તમે સુખ લીધા મનગમતા... ૨

સંસારે સાર નવ જોયો, દિન દિન મોહમાં મોહ્યો,
આતમ ઉગ્યો છે જાગી, ધુન તમારી એક લાગી... ૩
મિત્રધર ટૂંકે પામ્યા, શાશ્વત સુખમાં મહાલ્યા,
ચૈત્ર સુદ દશમ નિર્વાણ, સમેત શિખર શિવધામ... ૪
વિજય નરપતિ કુલ દીવો, વપ્રા રાણી કુખે હીરો,
રામઅભય દિલધારો, રવિ શાશ્વત ગુણ પામો. ૫

## સ્તુતિ

નમિ જિનેસર, પૂજાં કરું ત્રણકાલ,
મિત્રધર ટૂંકે સિદ્ધ, ધ્યાવું બે કરજોડ,
તેહ વચન સુણતાં, વારો દુર્ગતિ વાર,
સમકિત રવિ દેવ, સુખ સુપત્તિ હિતકાર.

## જાપ

ૐ હ્રીં શ્રી નમિનાથાય નમઃ


આગામી પ્રકાશન
વૈરાગ્ય યોગ મંજરી

સૌજન્ય

શ્રી ચારૂલત્તા દિલીપભાઈ શાહ - દાદર

# 22 પ્રાર્થના

નેમનાથ ! સમુદ્રવિજયને, માત શિવાના તનય છો ।
મમતા હટાવી રાજુલથી, બ્રહ્મચર્ય વડે જય છો ।।
નાશ કર્યા સર્વ કર્મને, તોડ્યા ભવ ભવ બંધન ।
થયા જીવ રક્ષણહારને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી નેમિજિન જિન ચૈત્યવંદન

નેમિજિનેશ્વર વંદિયે, રાજુલાના કંત,
સમુદ્ર વિજય કુલદીપ, શિવાદેવી સંત... ૧
હરણીના બોલ સુણી, તારી રાજુલ નાર,
હિંસા સ્વરૂપ જોવતાં, લહે સંયમભાર... ૨
રૈવતાચલ ગિરિ, પામે ત્રણ કલ્યાણ,
યશ કીર્તિ રામના અભય રવિ વિખ્યાત... ૩

## સ્તવન

(રાગ - હમમગન ભયે પ્રભુ ધ્યાન મેં)

કરો નેમિજિન પૂજના (૨)
નેમિપૂજે મહામોહ ધ્રુજે,
પાપ ટલે મિથ્યાત્વના... કરો નેમિ...૧
શૌરીપુરી નયરી સોહામણી,

પ્રભુ જન્મ્યાની વધામણી, કરો નેમિ...૨
માતા શિવાદેવી, તાત સમુદ્ર,
શંખ લંછન વિશાળ... કરો નેમિ...૩
પાવન કીધી ગિરી ગિરનાર,
ત્રણ કલ્યાણક ઉદાર...કરો નેમિ...૪
દેવી અંબિકા,ગોમેધ દેવતા,
અગ્યાર ગણધર સાર...કરો નેમિ...૫
આતમરામ, અભયદેવ,
રવિ પ્રાણ આધાર...કરો નેમિ...૬

## સ્તુતિ

રૈવતગિરિ ટુંકે શોભે નેમિજિણંદ
ત્રિકલ્યાણક ભુમિ, સિદ્ધ નેમિજિણંદ,
પર્ષદા બારે શોભે, રાજુલ નેમિજિણંદ,
સમકિત રવિ દેવ, વંછે નેમિજિણંદ.

## જાપ

ૐ હ્રીં શ્રી નેમિનાથાય નમઃ

**સૌજન્ય**

**શ્રી સાધના પિયુષભાઈ શાહ - સુરત**

## 23 પ્રાર્થના

શ્રી પાર્શ્વનાથ ! અશ્વસેનનને, વામાના કુમાર છો ।
પાસે આવેલા કષ્ટોને, પ્રભુ ! કરો સંહાર છો ।।
રહે મનમાં ભક્તિથી જેના, મળે શાંતિના ઝરણા ।
સર્વ સુખના દાતારને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી પાર્શ્વ જિન ચૈત્યવંદન

સમેત શિખર સાહિબા, પુણ્ય તણો દાતાર,
સેવા ભક્તિ તુજ કરૂં, માની હૈયાના હાર... ૧
મણી માણેક સોના તણા, ધરૂ ભૂષણ સાર,
જિન યોગે શાન્તા તણો, વસે સુનિત મન પ્યાર... ૨
યશ કીર્તિ લબ્ધિ વધે, વધે શાન્તિ સુખકાર,
રામ અભય સુવર્ણ ભદ્રે, રવિ પાર્શ્વ સુપસાય... ૩

## સ્તવન

(રાગ - ખમ્મા મારા નંદજીના લાલ)

ખમ્મા મારાં વામાના નંદ, વંદન મારા સ્વીકારજો,
સમેત શિખરના રાજા પારસનાથ,
સમકિત સદ્ગતિ આપ... વંદન મારા સ્વીકારજો... ૧
શંખેશ્વર વિનાનું દિલડું અધુરૂં,

દિલમાં આવી મુજને હરખાવ... વંદન મારા...૨
ભક્તિનો ભાવ મારા દિલમાં પ્રગટાવવા,
ભિલડીયાજી તારા ગુણ ગાઉં... વંદન મારા...૩
સુવર્ણ ભદ્ર ટુંકે મનનો મોરલીયો,
પાર્શ્વને પ્રાર્થના કરે સુપસાય... વંદન મારા...૪
વરસે કૃપા જો નાથ મારી ઉપરે,
સફલ થાય મુજ પ્રયાસ... વંદન મારા...૫
સેવા ભક્તિમાં મન લગાવું,
માની હૈયા ના હાર... વંદન મારા...૬
રામ અભય સેવા પસાયે,
રવિ પામે શિવનાર... વંદન મારા...૭

## સ્તુતિ

સુવર્ણભદ્ર ટુંકે વંદો, પારસ પારસનાથ,
સમેતગિરી નાથ જિણંદો, પ્રશમો પારસનાથ,
ગણધર ત્રિપદી ભજંતો, પ્રશાંત પારસનાથ,
સમકિત રવિ દેવો, પ્રણમો પારસનાથ.

## જાપ

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથાય નમઃ

**સૌજન્ય**

**શ્રી સવિતાબેન પનાલાલ શાહ - ભિવંડી**

## 24 પ્રાર્થના

મહાવીર પ્રભુ ! સિદ્ધાર્થને, ત્રિશલાના દુલાર છો ।
હામ આપી મુમુક્ષુઓને, સંસાર કરો પાર છો ।।
વીતરાગ તવ શાસનમાં, પ્રમુખ છે ગૌતમ ચંદના ।
રવિ સમ ચરમ જિનેશ્વરને, ભાવે હો રવિ વંદના ।।

## શ્રી મહાવીર જિન ચૈત્યવંદન

ક્ષત્રિય કુંડમાં અવતર્યો, સિદ્ધારથ કુલચંદ,
માતા ત્રિશલા લાડલો, યશોદા પ્રિય કંત... ૧
અંતિમ સોળ પહોર ભણી, વાણી આગમસાર,
આસો વદી અમાસ બની, જ્ઞાન દિપક વિનાશ.. ૨
યશ કીર્તિ વિરહ વિયોગે, બન્યો હું નિરાધાર,
રામઅભય રવિ પ્યારો, વીર બન્યો આધાર.. ૩

## સ્તવન

(રાગ - ટીલડી રે)

અમને મલ્યા છે, વીર તમને મલ્યા છે,
તમને મલ્યા છે, મહાવીર સહુને મલ્યા છે,
સિદ્ધારથ કુલ દિપક આયા,
ત્રિશલા કુખે જન્મ જ પાયા... અમને...૧
ક્ષત્રિયકુંડમાં પ્રભુજી આયા,

વર્ધમાન એવા નામ ઠવ્યા છે... અમને...૨
સિંહ લંછન સાત હાથની કાયા,
ચરમતીર્થપતિ તેઓ બન્યા છે... અમને...૩
સંઘ ચતુર્વિધ સ્થાપી પ્રભુએ,
તરણ તારણ બિરૂદ ધર્યા છે... અમને...૪
તુજ શાસનનું શરણું પામી,
તન, મન જીવન અર્પણ કર્યા છે... અમને...૫
માતંગ યક્ષ તુજ સેવા કરે,
સિદ્ધાયિકાને શરણ મળ્યા છે... અમને...૬
વીર શાસને રામને પામી,
અભય રવિ શિવસુખ વર્યા છે... અમને...૭

## સ્તુતિ

વીર જિણંદા, ત્રિશલા નંદા, પાવાપુરી શિવ નામીજી,
પારસગિરી, સમેતશિખરે, વીસ જિણંદા પામીજી,
જિનવર વાણી, શિવ નિશાણી, ભવિયણ મનમાં ધારીજી,
સમકિત ધારી, રવિદેવ, વરે શિવવધુ પ્યારીજી.

## જાપ

ૐ હ્રીં શ્રી મહાવીરાય નમઃ

**સૌજન્ય**

**શ્રી નિશાબેન જીગ્નેશભાઈ શાહ - વરલવાળા, ભાવનગર**

## 25 પ્રાર્થના

જે ભવિકજન પ્રગટાવતા, દીપક પ્રભુ તુજ આગલે,
તેના હૃદયમાં દીપ પ્રગટે, તુજ પ્રકાશ ઝળહળે,
તુજ મંદિરે દીપક જે, અંધકાર મારો ઓગળે,
હે સીમંધર પરમાત્મા, અધ્યાત્મ રવિ ફેલાવજો...૨૫

## શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

પૂર્વ વિદેહે વિરાજતા, શ્રી સીમંધરસ્વામી,
ત્રિકરણ શુદ્ધે ત્રિકાલ, નિત પ્રતિ કરૂં પ્રણામ... ૧
દૂર દેશ મેં વિચરો તો પણ, ધરૂં હૃદય મોઝાર,
દુર્લભ જગ મેં તુમ દર્શન, પરમાતમ પદકાર... ૨
કંચનગિરિ સમ દેહકાંત, વૃષભ લંછન પાય,
ચોરાશી લખ પૂર્વ આય, સેવિત સુરરાય... ૩
મહાવિદેહ મેં શાશ્વવતા, વિચરે શ્રી જિનરાજ,
ઉઠી પ્રભાતે નિત નમે, સીઝે યશકીર્તિ કાજ... ૪

## સ્તવન

પ્રભુજી ! હાથ ગ્રહી ઉદ્ધારો (૨), જિનજી મોક્ષ સુખ મને આપો
વિનતડી માહરી ચન્દ્રદેવ જઈને પ્રભને કેહજો,

કહે તુજ દર્શનને માટે, આતુર ભક્ત તમારો... ૧
માનવ કાયા ઉત્તમ પાયો, પુણ્ય બળે જિનદેવા,
લોચનીયા જોવાને તલસે, ચાહું મોંઘી સેવા... ૨
શ્રેયાંસ નૃપને સત્યકી માતા, કુલદીપક શુભનામી,
પ્રભુ મહાવિદેહ જઇ બેઠા, પણ અંતરથી નવ દૂરી... ૩
ક્રોડ દેવ તુજ સેવા કરતા, સાથે મુજને રાખો,
પાંખો આપો ઉડીને આવું, દુઃખો ટાળી નાખો... ૪
કેવલજ્ઞાની અલખ નિરંજન, અભય પદવી આપો,
શ્રી સીમંધર અંતર આધાર, રવિ શરણે રાખો... ૫

## સ્તુતિ

સીમંધર વિદેહવાસી, ભવિજનને મન દાયજી,
શાંત સુધારસ નેત્રાનંદી, કંચનસમ સોહાયજી,
શ્રેયાંસરાય સત્યકીનંદન, પ્રણમે સુરનર પાયજી,
વાણી જેહની શીતલકારી, રવિદેવ ગુણ ગાયજી.

## જાપ

ૐ હ્રીં શ્રી સીમંધર સ્વામીને નમઃ

**સૌજન્ય**

**શ્રી લત્તાબેન લલિતભાઈ શેઠિયા - વરલી, મુંબઈ**

# 26 પ્રાર્થના

જે સૃષ્ટિનો શણગાર છે તે, પૃથ્વીનો આધાર છે,
આનંદનો અવતાર છે, પરમાર્થ પારાવાર છે,
વળી સકલ આગમ શાસ્ત્રમાં, મહિમા અનંત અપાર છે,
એવા શ્રી ગિરિરાજને, ભાવે કરું હું વંદના...

## શ્રી તળેટીનું જિન ચૈત્યવંદન

શ્રી સિદ્ધાચલ નિરખી, આણી ભક્તિ ઉદાર,
શ્રી શત્રુંજય સુખદાયી, તારે ભવપાર... ૧
શ્રી સિદ્ધાચલ તીર્થનાયક, વિશ્વતારક મનોહાર,
એ ગિરિનો મહિમા અનંત, સુર અસુર શણગાર... ૨
મહિમા મનોહર જેહનો, ભાવથી સઘળા ગુણગાય,
અધ્યાત્મ રવિ પામતાં, શિવપુર સુખ પમાય... ૩
યાત્રા નવ્વાણું કીજીયે, જેહથી ભવ તરાય,
અભયદાન સદા સેવતાં, ભવ ભ્રમણ છેદાય... ૪
પુણ્યપુંજ સમ પુંડરિકગિરિ, નિરખતાં નયણાં ઠરે,
ઉલ્લાસ પામી દોષ વમી, યશકીર્તિ હૃદયે ધરે... ૫

## સ્તવન

આજ મોહે દાદા દરિશન દેજો...
સિદ્ધાચલ ચઢતાં પાપ મેવાસી ધુજો... ૧
હીંગળાજ હંડે જાતા અષ્ટકર્મ ખીજો... ૨
દેવી પદ્માવતી ટુંકે અમૃતરસ પીજો... ૩
રામપોળ આગે પૂન્ય ભંડાર ભરીજો... ૪
શાંતિનાથ પૂજી શાન્તિ ધરીજો... ૫
દાદાના દરિસને પાતિક દૂર કરીજો... ૬
શ્રુતતીર્થ સિદ્ધાચલે, સિદ્ધપદ વરીજો... ૭

## થોય

ત્રણ ભુવનમાં નહિ તુમ સમો, તીર્થ વિમલગિરિ
ડોલી રહ્યું દેખીને દિલડું, કાયા માયા દુર હરી
તારણહાર ત્રણ ભુવન માંહી, ઉત્તમ આદિનાથજી
કરૂં નમન શ્રી ગિરિરાજને, પ્રાર્થના શ્રુતતીર્થની...

આગામી પ્રકાશન
વૈરાગ્ય યોગ મંજરી
એક નકલ દાતાશ્રી રૂા. ૧૦૦

સૌજન્ય

**શ્રી હિનાબેન પ્રવિણભાઈ શાહ - ભિવંડી**

## 27 પ્રાર્થના

નવ્વાણું પૂર્વ સમય સુધી, શ્રી ઋષભદેવ સમવસર્યા,
શ્રી ઋષભમુખથી અમૃતબિંદુ, અસંખ્યવાર અહિં ઝર્યા,
પ્રભુ ઋષભના સંસ્પર્શથી, અણુએ અણુ પાવન અહિં,
આ વૃક્ષ રાયણની તળે, શીતલ બને તન મન અહિં.

## શ્રી રાયણ પગલાં ચૈત્યવંદન

પુંડરિક ગણધર આદિ જિણંદ, રાયણ તલે મોઝાર,
દેવ દેવેન્દ્ર આવી મલી, રચે ત્રણ ગઢ સાર... ૧
પૂર્વ નવ્વાણું દિયે દેશના, સુણે પર્ષદા બાર,
સાકર સમવરસંતી, જાણે અમૃત ધાર... ૨
ભવ્ય જીવ દેશના સુણી, પામે મુક્તિ ધામ,
શ્રુતતીર્થ સમભાવે રહી, લેશે પદ નિર્વાણ... ૩

## સ્તવન

ભવિકજન... રાયણ તળે ધરો ધ્યાન...
રયણ પ્રતિમાં ભરતે ભરાવી, રાયણ તળે ભંડારી,
દર્શન કરવા ભક્તો આવે, વિનતી સુણજો હમારી...૧
રાયણ વૃક્ષે ફાગણ સુદી આઠમે, નાભિનંદન આવે,

ભવિક જીવોને દેશના દીયે, આતમહર્ષ પાવે... ૨
પર્ણોમાંથી અમૃત વરસે, હૈયું ભીનું થાયે,
રાયણતળે પ્રભુ ધ્યાન ધરંતા પાતિક ભૂકો થાયે... ૩
સોન વરણી તવ નિરમલ કાયા, પ્રણમું ઋષભના પાયા,
આતમ અનુભવ હર્ષિત થાતા, ચરણે નમુ નિજકાયા.૪
ભરતક્ષેત્રના મહા મહિમ છો, વિમલ મહીધર નામ,
શ્રુતતીર્થ સીમંધર પ્રકાશે, ગિરિવર તણા ગુણગાન.૫

## સ્તુતિ

વેર ઝેરના દોષને, દૂરે કરવા પર્ણરાજ,
રાયણ પગલે આપજો, પ્રદક્ષિણા ત્રણવાર,
સમ્યગ્ શુદ્ધ પામવા, પગલાં પુજો જિનરાજ,
રવિ શ્રુત તીર્થે કહે, પામે શિવ સુખ આજ.

વિશ્વનું પ્રથમ
શ્રી કલ્યાણ મંદિર જિનાલય
શ્રુતતીર્થ

સૌજન્ય

શ્રી સુષમાબેન અશોકભાઈ શાહ - મુંબઈ

# 28 પ્રાર્થના

આજ્ઞા સ્વીકારી આદિજિનની, તીર્થ પર આવ્યા તમે,
અણસણ કરી કેવલ વરી, શાશ્વત સુખો પામ્યા તમે,
મુનિ પાંચ કરોડ તુમ સાથે હતા, હું પામર રહી ગયો,
આવ્યો હવે પુંડરિક સ્વામિ, સ્વીકારી લેજો મને...

## શ્રી પુંડરીક પગલાં ચૈત્યવંદન

આદીશ્વર આજ્ઞા, સ્વીકારે શિષ્યવંત,
અણસણ એક માસ, ચૈત્રી પૂનમે મોક્ષવંત... ૧
પ્રથમ ગણધર, પુંડરિક ભગવંત,
જગ પ્રસિદ્ધ હુએ, પુંડરિક ગુણવંત... ૨
મહિમા ચારેકોર, સિદ્ધાચલ સિદ્ધવંત,
યશકીર્તિ ફેલાયે, પૂનમ યાત્રા ગિરિવંત... ૩

## સ્તવન

હું આવ્યો તુમ પાસ, પુંડરીક ગણ (૨)
પુંડરિકગિરિ ભેટ્યોને, પૂન્યાઇ મારી જાગી.પુંડરીક.૧
પુંડરીકગિરિ સિદ્ધશિલાની, પ્રીતિએ તો હસ્તી ભવની ભીતિ
તુજ વિણ મુજ મન ટળવળતી, નયણા નીર ઝરતી..
પુંડરીક...૨
અર્હં સિદ્ધના અહોભાવની, બને અનસન બંસરી,
તુજ દરિશન ભાવથી, તુટતી કર્મની ગઠરી..પુંડરીક.૩

આપે પુછ્યું ઋષભ જિણંદની,ક્યારે થશે મારી મુક્તિ,
પ્રભુએ ભાખ્યું પુંડરીક ગણ, ચૈત્રી પૂનમે વરશો મુક્તિ
પુંડરીક...૪

પુંડરીક કહે પ્રીતિ ભક્તિ, એ છે મારી મહામુડી,
તો પણ મને આજ્ઞા પાલનની, લાગે ભાવના રૂડી..
પુંડરીક...૫

પુંડરીક અનુરાગે દૂર થાતી, સંસારની સહુ વાતલડી,
સિદ્ધગિરિ શરણે યશકીર્તિ, લે છે શિવરમણી.પુંડરીક.૬

## થોય

પુંડરીક પ્રમુખ ગણધરા, વિમલગિરિ તિરથરાજા,
ભવજલધિ કો જહાજા,
પાંચકોટિ મુનિ સિદ્ધવરા, ચૈત્રી પૂનમદિન ઉજ્જવલા,
સિદ્ધિવર્યા ગુણવરા,
શ્રુતતીર્થ જિનાગમ ભાવે, દુર્મતિ અભવ્ય જીવો નાવે,
ગિરિ દરિસણ નવિ આવે,
ચક્કેસરી યશકીર્તિ સિદ્ધિ, દિયે સદા નાણ લચ્છી,
તે ઝટ વરે મુક્તિપુરી...

### સૌજન્ય

**શા. કુન્દનબેન પ્રવિણચંદ્ર - બોટાદ**

# 29 શ્રી સિદ્ધચક્ર પ્રાર્થના

સ્વાર્થ ભર્યા સંસારમાં, કોઈ સાર દેખાતો નથી,
નવપદ શરણ વિના હવે, મારો ઉદ્ધાર સમજાતો નથી,
હું અજ્ઞાની ઘોર આત્મા, ભટકી રહ્યો અંધકારમાં,
જ્ઞાન જ્યોત પ્રગટાવવા મુજમાં, આવો નવપદ હૃદયમાં.

## શ્રી સિદ્ધચક્ર ચૈત્યવંદન

કેવળ લહી દ્દષ્ટા બને, દુષણ અઢારે દુર કરે,
ગુણ ગણ અનંતા જેહને, નમો નવપદ જયકરં... ૧
અવિનાશી અકલ અરૂપી, સ્વામી સિદ્ધ જિનેશ્વરં,
અક્ષય સ્થિતિ શાશ્વત સુખી, નમો નવપદ જયકરં.૨
છત્રીસ ગુણોને ધારતા,પ્રતિબોધતા ભવિ લોકને,
શાસન પ્રભાવક જે કહ્યા, નમો નવપદ જયકરં... ૩
શાસન તણા ઉદ્યાનને, શાસ્ત્રો તણા ગૂઢાર્થભેદે,
બુદ્ધિ બલથી ખીલવે, નમો નવપદ જયકરં... ૪
તપ ત્યાગને સ્વાધ્યાયમાં, કરે સાધના એકાંતમાં,
દશવિધ સાધુ ધર્મને, નમો નવપદ જયકરં.. ૫
મારા પ્રભુએ જે પ્રરૂપ્યું, તે જ સાચું એક છે,
જેનું અનુપમ સ્થાપન છટ્ઠું, નમો નવપદ જયકરં.૬
છે શાસ્ત્ર દીપક સારીખા, છે શાસ્ત્ર દીવા દાંડી સમ,
પંચ વિવિધ ભેદો જ્ઞાનના, નમો નવપદ જયકરં.. ૭
આજ્ઞા તણી આરાધના, આતમ સમર્પિત ભાવથી,
અષ્ટ માતની જ્યાં સેવના, નમો નવપદ જયકરં. ૮

તીર્થંકરો પણ તપ તપે, કાપે દુરિત નિકંદના,
યશકીર્તિ ઈચ્છિત આપે, નમો નવપદ જયકરં.. ૯

## સ્તવન

મયણા દ્રઢતાએ, શ્રીપાળ શ્રદ્ધાએ...(૨)
નવપદ મહિમા જણાય રે, સિદ્ધચક્ર સંસારથી તારજો.૧
આસોને ચૈત્રની ઓળી છે શાશ્વતી..(૨)
શ્રી નવપદ સાધના થાય રે..૨ સિ.
અરિહંતસિદ્ધ,સૂરિ ઉવજ્ઝાય (૨) સાધુપદ સેવો ભાવે રે...૩ સિ.
દર્શન-જ્ઞાન, ચારિત્ર-તપથી. (૨) આત્મા ભાવિત કરાય રે.૪ સિ.
દેવ-ગુરુની, ધર્મ આરાધનાએ. (૨) મુક્તિપદ મેળવાય રે.૫ સિ
ગુણીજનનું ધ્યાન ધરંતા (૨) કર્મો મૂળથી જાય રે. ૬ સિ.
ધ્યાને કુશળતા, જ્ઞાને મધુરતા(૨) અભયમાં રવિ સમાય રે.૭ સિ.

## થોય

શ્રી સિદ્ધચક્રને સદા સેવો, સુખનો સાગર મળે એવો,
ક્ષય નહિં થાયે એવો,
સાધના શ્રી નવપદની કરો, તેમાં શ્રી દેવપદને પૂજો,
ત્રિગુરુપદને સેવો,
ચાર ધર્મમય પદ સેવે, ભવચક્રનો નાશ કરે,
શાશ્વત પદ આપે,
શ્રી સિદ્ધચક્રને શરણે જાય, યશકીર્તિ જગ ફેલાય,
શ્રી નવપદ સહાય.

**સૌજન્ય**

## એક સુશ્રાવિકા - ભાવનગર

# 30 સામાન્ય જિન પાર્થના

મનમંદિર પ્રભુજી પધારો, ભવ દુઃખથી બચાવો,
મંત્રોચ્ચાર શ્રદ્ધાએ કરીએ, જિનયોગ દર્શાવો,
અંતર્યામી પાયે પડીએ, સમ્યગ્ સ્વરૂપ સમજાવો,
ધર્મ પસાયે આગમ ધ્યાને, જ્ઞાન મારગ બતાવો...

## શ્રી જિન રાશિ ચૈત્યવંદન

અરિહંત રાશિ કહી, સ્મરણ લહું જિનરાજનું,
ધન વૃષભ મિથુન દોય, સિંહ કન્યા તુલા કહું... ૧
વૃશ્ચિક ધન દોય મકર, કુંભ મીન યુગલ,
કર્ક મેષ વૃષભ સોહે, મીન મેષ મલ્લિ જિન... ૨
મકર મેષ નેમિનાથ, કન્યા રાજુલ ભર્તાર,
તુલા કન્યા શ્રુતતીર્થ, યશકીર્તિ અભય થાય... ૩

## સામાન્ય જિન સ્તવન

મારા પ્રભુજી દિલમાં આવો, મહિમા ત્રિજગ ફેલાવો,
અંતરના અંધારા દૂર કરી, દિલમાં દીપ પ્રગટાવો... ૧
શુદ્ધ વિચારો મનમાં લાવવા, ઉરમાં શાંતિ સ્થાપો,
છળકપટથી બચાવી રાખી, સેવાતણું મન આપો...૨
ગર્વ મનથી કાઢી દઈને હૃદય નમ્ર બનાવો,

મન કેરા ક્લેશ કાપી, પ્રેમનો સાગર છલકાવો... ૩
અન્યને સન્માની શકું એવું પ્રભુ મન આપો,
ભવસાગરમાં ડુબી રહ્યો છું, હાથ મારો ઝાલો.. ૪
જીવન પંથમાં સાથે રહેજો, અંત સુધી સંભાળજો,
યશકીર્તિ ફેલાવવા કાજે, અધ્યાત્મ રવિ આપો... ૫

## થોય

રાગ-દ્વેષ જીતાયા, અરિહંત પદ પાયા,
દિગ્કુમારી હુલરાયા, ઈન્દ્રમહોત્સવ કરાયા,
અષ્ટ પ્રાતિહાર્ય સોહાયા, ચાર નિક્ષેપે પૂજાયા,
ચોત્રીસ અતિશય મલ્હાયા, સવિ જિન મોક્ષપાયા..


આગામી પ્રકાશન

**વૈરાગ્ય યોગ મંજરી**

મીનીમમ ૧૧ નકલ દાતાશ્રીનું નામ
પુસ્તકમાં છપાશે.


**સૌજન્ય**

**શ્રી મૌલી પૂર્વાંગ શાહ - મુંબઈ**

# 31 સામાન્ય જિન પાર્થના

આંગી પ્રિય ભાવે રચીયે, પાપસ્થાનકથી નિવારો,
હસ્ત કમલે ચામર ધરીએ, એવા નિર્મળ બનાવો,
નવપદ ધ્યાને મોક્ષ માંગીએ, સમતા ભાવ જગાવો,
રવિ ઉદયે મનમાં ધરીએ, યશ કીર્તિ જગ ફેલાવો.

## ચૈત્યવંદન

શ્રી પદ્મપ્રભ જિનતણી, પૂજા કરે રવિદેવ,
શાંતિ તુષ્ટિ પુષ્ટિ કરી, સૂર્ય નમે પદ્મપ્રભ... ૧
ચંદ્રપ્રભ જિનેન્દ્રની, પૂજા કરે ચંદ્રદેવ,
મનની પ્રસન્નતા પામી, સૌમ્ય બનાવે જીવન... ૨
વાસુપૂજ્ય સ્વામી તણી પૂજા કરે મંગલગ્રહ,
શરીર સુખ છે મંગલકારી, કાર્ય શક્તિ કારક... ૩
વિમલ શાંતિ ધર્મની, પૂજા કરે બુદ્ધદેવ,
વાણી શુદ્ધને જ્ઞાન વૃદ્ધિ, બુધ કરે સદા પ્રદાન... ૪
આદિનાથ ભગવાનની, પૂજા કરે ગુરૂદેવ,
ગુરૂકૃપાથી નિત્ય હોવે, વિઘ્નો સઘળાં દૂર.. ૫
સુવિધિનાથ જિણંદની, પૂજા કરે શુક્રદેવ,
સુખ સમૃદ્ધિ પુણ્ય વધે, શુક્ર હોય સદા પ્રસન્ન.. ૬
મુનિસુવ્રતનું પૂજન કરતાં, આધ્યાત્મિકતા સહજ મળે,
શનિદેવની પ્રસન્નતાથી, સઘળી ઉપાધિ દૂરે ટળે..૭

નેમિનાથ ગિરનારની, પૂજા કરે રાહુદેવ,
સઘળા ભય નિવારી, જીવન સુખ ભરપુર... ૮
મલ્લિ પાર્શ્વ જિન પ્રભાવે, કેતુગ્રહ આવી નમે,
અભય રવિ કૃપા વરસે, મંત્ર સિદ્ધિઓ સવી ફળે...૯

## સ્તવન

અહો ! જિનરાજ શું કીધું, એકીલા શિવ લઈ લીધું,
અનાદિ કાળની પ્રીતિ, તોડી શું સુજ્ઞની રીતિ... ૧
ખરા દિલદાર તે કહીએ, ખરા દાતાર તે કહીએ,
ઉગારે જે બહુ પ્રાણી, સહુને સરખા જાણી... ૨
તમે તો મુજને ત્યાગી, થયા છો મોક્ષના ભાગી,
હવે તો સાંભળો શેના, હવે તો ઓળખો શેના... ૩
તમે છોડ્યો પ્રભુ મુજને, કદાપી ના તજું તુજને,
મને તો આશરો તારો, કૃપાળુ નાથ તું મારો... ૪
પૂરવની પ્રીત સંભાળી, હવે મુજને લો ઉગારી,
કહે યશ કીર્તિરાજ સાચું, બીજા દેવો નહિં યાચું.. ૫

## થોય

ઋષભ ચોવીશી સમયે થયા, પંદર ક્ષેત્રમાં જિનવરા,
એકસો સિત્તેર ઉત્કૃષ્ટા, વિચરે અજિતકાળે એક સખા..

**સૌજન્ય**

**ચિ. જુહી - ખુશી પૂર્વાંગ શાહ - મુંબઈ**

# શ્રી આદિ જિનેશ્વર થોય...
## (રાગ : શ્રી શત્રુંજય તીરથ સાર...)

આદિ જિનેશ્વર જગ હિતકાર, સિદ્ધાચલ તીરથ મનોહાર,
આદિ જય જયકાર,
અષાઢ વદિ ચોથે તે ચવિયા, નાભિ નરિંદ મરૂદેવી માયા,
વિનિતા નગરી આયા,
ચૈત્ર વદિ અષ્ટમી દિન જાણો, સંયમ પણ તે દિન પાયો,
ફાગણ એકાદશે નાણો,
મેરુ તેરસે પામે શિવધામ,અષ્ટાપદ તીરથ જાણ,
યશકીર્તિ કરે કલ્યાણ...૧
મધ્યતળે જિનવર ચોવિશ, હુઆ અને હોંશે જગદીશ,
વાણી ગુણ પેંતીશ,
અતિશય સોહે જસ ચોત્રીસ, માયા માન નહિ જસ રીશ,
સોહે સબલ જગીશ,
કંચન વાને સોળ બીરાજે, દોય રાતા દોય ધવલા છાજે,
શ્યામલા દોય વિરાજે,
દોય નીલા એમ સવિ જિનરાજ, ધવલે ધ્યાવો ધ્યાને આજ,
અધ્યાત્મ રવિ કાજ...૨
પડિબોહે સવિ ભવિયણ પ્રાણી, જે પરકાસી કેવલ નાણી,
શ્રી સંઘને હિત જાણી...

જિન આગમ જલધિ અપાર, જે ગુંથિત જિનગણધાર,
ભવિક કરે હિતકાર,
જિહાં તીર્થ થાપે સુપ્રમાણ, નય નિક્ષેપાગમ ભંગ પ્રમાણ,
સમજે જે હોય જાણ,
એહવા આગમ જે ચિત્તધારે, શ્રી જિનવાણી પઢે પઢાવે,
તે અધ્યાત્મ રવિ પાવે...૩
ચંદ્રવદન શાસનદેવી માતા, શ્રી જિન સેવે રંગે રાતા,
નિત દોલતની દાતા,
ચરણે નેઉર રણઝમકાર, કિંકણી શબ્દ સમૂહ સફાર,
કટિ મેખલ રણકાર,
ઉર વર સોહે મનોહર હાર, ભૂષણ ભૂષિત અંગ ઉદાર,
શોભિત સોલ શૃંગાર,
હર્ષિત હેજે હોય હજૂર, મહિમાદિક ગુણ સવિ ભરપુર,
સમકિત યશકીર્તિ સનૂર...૪

## ૨. શ્રી અજિત જિન થોય જોડો

અજિત જિન આનંદકારા, જિતશત્રુ વિજયાસુત પ્યારા,
વિજયથી અવતારા,
વૈશાખ સુદિ તેરસ દિન ચવીયા, મહાસુદી અષ્ટમી અવતરીયા,
અયોધ્યા નગરી રાયા,
મહાસુદી નવમે દીક્ષા જાણો, પોષ એકાદશી કેવલ નાણો,
હુઓ ત્રિભુવન રાણો,

ચૈત્ર સુદી પાંચમે લહે નિર્વાણ, સમેત શિખર હુઆ અવિચલ ધામ,
યશકીર્તિ ઉલ્લાસ...૧

(શ્રી આદિનાથ પ્રમાણે ૩ થોય કહેવી.)

## ૩. શ્રી શીતલ જિન થોય જોડો

શિતલ જિન વાણી મનોહાર, દ્વાદશાંગી ગુંથી ગણધાર,
ભવિજન દિલધાર,
વૈશાખ સુદી છઠ્ઠે તે ચવિયા, ભદીલપુરમાં અવતરિયા,
દ્રઢરથ નંદ જાયા,
મહા વદી બારસે જન્મ્યા, સંયમ પણ તેહિ જ દિન પાયા,
શ્રી વત્સ લંછન સોહાયા,
પોષ વદી ચૌદસે કેવલ પાયા, વૈશાખ વદી બીજે સિદ્ધિ પાયા,
યશકીર્તિ ગુણ ગાયા...૧

(શ્રી આદિનાથ પ્રમાણે ૩ થોય કહેવી)

## ૪. શ્રી વાસુપૂજ્ય જિન થોય જોડો

વાસુપૂજ્ય સમવસરણ સોહે, સુર અસુર નર સારે સેવ,
ભવિજન પડિબોહે,
પ્રાણત કલ્પથી ચંપાપુરી, જેઠ સુદી નવમી સારી,
જયાદેવી કુખ અજવાળી,
ફાલ્ગુન વદી ચૌદશે જન્મ ધરેહ, વસુપૂજ્ય નૃપ અધિક સનેહ,
અમાસે સંયમ ગુણગેહ,

કેવલી મહાસુદી બીજે થાવે, અષાઢ સુદી ચૌદશે શિવપુર જાવે,
યશકીર્તિ શિવ પદ પાવે...૧
(શ્રી આદિનાથ પ્રમાણે ૩ થોય કહેવી.)

## ૫. શ્રી શાન્તિનાથ થોય જોડો

સોલમા જિન શાન્તિદાતા, આપે સદા શિવસુખ શાતા,
અશ્વસેન અચિરા માતા,
પારેવાને અભયદાન આપી, સવિ જીવ કરું શાસનરાગી,
એવી ભાવના ભાવી,
શ્રાવણ વદી સાતમે ગર્ભગૃહે, વૈશાખ વદી તેરસે જન્મ ધરે,
હસ્તિનાપુર નગરે,
વૈશાખ વદી ચૌદશે સંસાર ત્યાગી, પોષ સુદી નવમે કેવલજ્ઞાની
જન્મ દિને શિવગામી...
(શ્રી આદિનાથ પ્રમાણે ૩ થોય કહેવી)

## ૬. શ્રી મુનિસુવ્રત જિન થોય જોડો

વીસમા શ્રી મુનિસુવ્રત વંદુ, સુમિત્ર પદ્માવતી માતાનો નંદુ,
અનાદિ કર્મ નિકંદુ,
અપરાજિત વિમાનથી આવ્યા, રાજગૃહી નગરી સોહાયા,
રક્ષાબંધને ચવીયા,
જેઠ વદી અષ્ટમી જન્મધારી, ફાગણ સુદી બારસે સંયમધારી,
વિચરે પાવનકારી,

ફાગણ વદી બારસે ત્રિકાલ જ્ઞાની, જેઠ વદી શિવધામી,
યશકીર્તિ શિરનામી...૧
(શ્રી આદિનાથ પ્રમાણે ૩ થોય કહેવી)

## ૭. શ્રી નેમિનાથ થોય જોડો

નેમિનાથ રાજુલ ભર્તાર, શિવાદેવી સમુદ્ર દ્વાર,
જનમ્યા નેમિ અવતાર,
શ્યામ વર્ણે સોહે તનુકાયા, દશ ધનુ ઉંચાઈ જાણ,
શંખ લંછન પહેચાન,
આસો વદી બારસે ચવી, શ્રાવણી પાંચમ અજવાળી,
શૌરીપુરી અવતારી,
અષાઢી આઠમે શિવપામી, ગિરનારે અંબિકા પ્રસિદ્ધિ,
યશકીર્તિ જગ ફેલાણી...
(શ્રી આદિનાથ પ્રમાણે ૩ થોય કહેવી.)

## ૮. શ્રી પાર્શ્વનાથ થોય જોડો

શ્રી અવંતિ પાર્શ્વજી પૂજીએ, કલ્યાણ મંદિર સુણીયે,
ભય નિવારણ સૂત્ર ભણીએ, જય વામા સુત પ્રણમીયે..૧
ઋષભ ચોવીશી સમયે થયા, પંદર ક્ષેત્રમાં જિનવરા,
એકસો સિત્તેર ઉત્કૃષ્ટા, વિચરે અજિતકાળે એક સખા..૨
જિનવર વાણી વરસાવે, ગણધર ભગવંતો ગુંથે,
આચાર્યોપાધ્યાય ફેલાવે, શાશ્વત શ્રુતતીર્થ સોહાવે..૩

ધરણેન્દ્ર રાય પદ્માવતી, ક્ષેત્રપાળ સાથે સદા આવતી,
દર્શન આપી અભય દેતી, રવિ યશકીર્તિ ફેલાવતી..૪

## ૯. શ્રી મહાવીરસ્વામી થોય જોડો

ચરમ તીર્થપતિ મહાવીરા, અષાઢ સુદિ છઠ્ઠે દેવાનંદા,
બ્રાહ્મણ કુળે ચવિયા,
ચૈત્ર સુદિ તેરસે જનમ્યા, સિદ્ધાર્થ કુલે અવતરીયા,
ત્રિશલા કુખે સોહાયા,
કારતક વદિ દશમે દીક્ષાગ્રહી, ઉપસર્ગોની હારમાળા સહી,
સંયમ જીવન શોભાવી,
વૈશાખ સુદિ દશમે કેવલ પાયા, પાવાપુરી શાસન સ્થપાયા,
દિવાલી દિન નિર્વાણ પાયા..૧

(શ્રી આદિનાથ પ્રમાણે ૩ થોય કહેવી.)

## ૧૦. સામાન્ય જિન સ્તુતિ

રાગ-દ્વેષ જીતાયા, અરિહંત પદ પાયા,
દિગ્કુમારી હુલરાયા, ઈન્દ્ર મહોત્સવ કરાયા,
અષ્ટ પ્રાતિહાર્યે સોહાયા, ચાર નિક્ષેપે પૂજાયા,
ચોત્રીસ અતિશયે મલ્હાયા, સવિ જિન મોક્ષપાયા. ૧
આદિ જિનેશ્વર ગાયા, અષ્ટાપદ મુક્તિ જાયા,
દિવાળી દિન પાયા, વીર પાવાપુરી ભાયા,
વાસુ ચંપાપુરી રાયા, નેમ ગિરનાર જાયા,

સમેત વીસ જિનરાયા, મોક્ષ નગર સિધાયા. ૨
આગમ ગ્રંથ મોઝાર, વાણી સુધારસ સાર,
દીએ જિનરાજ આજ, સુણે ભવિપ્રાણી ખાશ,
જેહ નિર્ગ્રંથ વખાણે, સૂત્ર જિનમત સાર,
તેહ ભવિજન પામે, શાશ્વત સુખ આજ... ૩
શશીસમ મુખારવિંદ, મૃગનયના સમ દેહ,
જિન ભક્તિ કરેહ, સાવધાન થઈ જેહ,
સંઘ સાનિધ્ય કરેહ, શાસનદેવી ગુણ ગેહ,
શ્રુત તીર્થ રવિ દેહ, અર્હત્ આજ્ઞા ધરેહ. ૪

## નવપદ થોય જોડો

શ્રી સિદ્ધચક્રને સદા સેવો, સુખનો સાગર મળે એવો,
ક્ષય નહિં થાયે એવો...
સાધના શ્રી નવપદની કરો, તેમાં શ્રી દેવપદને પૂજો,
ત્રિગુરુપદને સેવો,
ચાર ધર્મમય પદ સેવે, ભવચક્રનો નાશ કરે,
શાશ્વત પદ આપે,
શ્રી સિદ્ધચક્રને શરણે જાય, યશકીર્તિ જગ ફેલાય,
નવપદ સહાય...૧
અરિહંત સિદ્ધદેવ કહાય, આચાર્ય ઉવજ્ઝાય સાધુ સેવાય,
દર્શન જ્ઞાન જણાય,
ચારિત્ર તપ ભાવે કરાય, નવપદ રચી સાધના થાય,

નિકાચિત કર્મ ખપાય,
મુનિસુંદરસૂરિજી રાય, સિદ્ધચક્ર મંડલ રચાય,
કોઢ રોગ દૂર થાય,
આયંબિલ વ્રત તપ કરાય, એક્યાસી દિને પુરો થાય.
જગમાં કીર્તિ ફેલાય...૨
નવપદ સજ્જન બનાવે, જિનવાણી સમકિત પાવે,
સમકિત દિવો થાય,
સમકિત ભવ સંસાર કપાય, સમકિત પામે ભવ ગણાય,
જલ્દી મોક્ષે જવાય...
ભવચક્ર તોડવા ઉપદેશ સુણો, તો ના લાગે સંસારે લુણો,
જો નવપદ ગુણ સાધો,
આગમમાં નવપદ મહિમા કીધો,વિનય-યશો વાચકે રચાયો,
શ્રીપાલ મયણા રાસો...૩
શ્રીપાળ કહે નવપદનો પ્રતાપ, જૈન ધર્મ સ્વીકારે તેનો પ્રભાવ,
ચઉદિશિ પ્રકાશ,
શાશ્વત દિને આરાધે જેહ, વિમલેશ્વર યક્ષ પૂરે સેવ,
ચક્કેશ્વરી હજૂર...
સિદ્ધચક્ર પૂજન ભણે ભણાવે, દેવ-ગુરૂ અધિષ્ઠાયક પૂજે,
યશ કીર્તિ જગ વધે...
મંડલે યક્ષ-યક્ષિણી પૂજાય, ક્ષેત્રપાલ હાજરા હજુર થાય,
રવિ નવગ્રહે પૂજાય...૪

## પ્રાર્થનાઓ

પરમ કૃપાળુ જિનરાજ તારા, દર્શન કરવા આવ્યો રે...
દર્શન કરતાં દિલમાં આજે સોના સુરજ ઉગ્યો રે...
અમૃતમય રસથી ઝરતું, મુખડું તારૂં નિહાળું રે...
જનમ જનમના પાપ હટ્યાને, થયું અંતરમાં અજવાળું રે.૧
નિશદીન તારા ગુણો હું તો, સ્નેહભરીને ગાઉ રે...
પણ તારા દરબારે આવી, સદા પાછો જાઉં રે...
આજે પણ હું જાઉં લઈને, મનમાં તારી યાદ રે...
પાપ કરૂં ત્યાં પાછો વાળી, કરજે મુજને સાદ રે... ૨
ભવો ભવ મલજો આગમતારૂં, એક જ છે અભિલાષા રે..
એક દિન આ સંસાર તજીને, આવું તારી પાસે રે...
ના કરજે નિરાશ મુજને, યોગ છે એક આધાર રે...
પ્રિય નજરથી શરણે રાખી, કરજો મારો ઉદ્ધાર રે... ૩

## પ્રાર્થના

(રાગ :- પરમ કૃપાળુ જિનરાજ તારા)

પાપ કર્યા છે મેં બહુ ખોટા, છૂટે નહિં એ પેટ ભરી રોતા,
પાપીને પાવન આપ બનાવો, આ ભવથી પાર પમાડો...૧
પાપ પંકમાં પગમુજ ન પડે, એ સમજણ પ્રભુ ક્યારે આવે,
સુખમાં પણ વિસરૂં નહિં તુજને, એ સમજણ કોણ જગાડે... ૨
પાપ અને પ્રાયશ્ચિત્તનો કેવો, છે અજબ ચકરાવો,

રોજ કરૂં હું પાપ અને, રોજ કરૂં છું પસ્તાવો... ૩
પરમાત્માનો ડર ના લાગે, ના ડર છે પરભવનો,
રંગરાગની પાછળ પડું, પછી આવે રડવાનો વારો... ૪
જિનયોગે તરવાનો વારો, પ્રિય આગમ છે સહારો,
દીપક થઈ જીવન જ્યોત જગાવો, રવિ પ્રકાશ કરી તિમિર હટાવો.૫
મુક્તિનો મારગ તમે ચિંધો, મનવચન કાયા સ્થિર કરાવો,
શ્રુતતીર્થમાં મગ્ન બનાવી, ભવજલથી પાર ઉતારો... ૬

## સુંદર ભાવના

ગાઉં સદા પ્રભુ ગુણગાન, મારે બનવું છે ભગવાન...
ગાઉં સદા હું આતમજ્ઞાન, મારે બનવું છે ભગવાન...
જ્ઞાન દીપક હું આતમરામ, જોવું જાણવું મારૂં કામ...
અજર-અમર અવિનાશી ધામ, જન્મ મરણ નહિં મારૂં કામ.
અભેદે રમવું મારું કામ, સહજ સ્વભાવે આતમ રામ...
રામ રમણતાએ અભય પામ, રવિ પ્રગટે આનંદમય આજ...

## ચિંતામણી પાર્શ્વ (લાવણી)

મંગલ દર્શન આનંદકારી, નિર્મળ મૂર્તિ હૃદયે ધારી,
દિનરાત જપું પ્રભુ દુઃખહારી, પ્રભુ પાર્શ્વ ચિંતામણી સુખકારી..૧
અમૃત વરસે તુજ નયન વિષે, શિવસુખ તુજ ચરણે જ દીસે,
તુજનામ વિષે અતિ હર્ષ વસે, પ્રભુ પાર્શ્વ ચિંતામણી હૃદય વસે..૨

સંયોગ બળે મિથ્યાત્વ ટળ્યું, શુભ માર્ગ વિષે મુજ ચિત્ત વળ્યું,
ચિંતામણી પાર્શ્વનું નામ મળ્યું, મારૂં જીવન આજે સફળ થયું...૩
યશકીર્તિ સર્વે તુજને ગણું, મુજ સર્વ કષાય કુટીલ હણું,
ઉરના સઘળા મમ તાપ તજુ, પ્રભુ પાર્શ્વ ચિંતામણી તુજને કહું...૪
તુજમાં બનું તન્મય સહુ વિસરી, તુજ વિણ બીજ નવ આંખ ઠરી,
રવિ અભય પદ હૃદય લાવી, પ્રભુ પાર્શ્વ ચિંતામણી સુખકારી...૫

## રવિ પદ્ય

(રાગ :- રઘુપતિ રાઘવ રાજારામ)

આંખ પ્રભુ એવી બનાવ, દેખું બધું તારી કૃપાધાર,
અદીઠું આંખ થકી અળગું કરજે, જોવા જેવું બધું સામે ધરજે,
નીકળી જાય વિષય વિકાર, આંખ પ્રભુ એવી બનાવ...૧
વ્હાલા દવલાનો ભેદ તું કાઢ, પરદોષ દર્શનના મૂળ તું વાંઢ,
છાયે સદ્ગુણના મનમાં સંસાર, આંખ પ્રભુ એવી બનાવ..૨
અભય બની જીવું સંસારમાં, એકતાનો તાર વાણી વર્તનમાં,
ઉતરે માયાનો રવિ થકી ભાર, આંખ પ્રભુ એવી બનાવ...૩

## પ્રાર્થના

હે નાથ જોડી હાથ અમે, પ્રેમથી સૌ માંગીયે,
શરણું મળે સાચું તમારૂં, એ હૃદયથી માંગીયે,
હું આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો,
સાચું બતાવી રૂપ અરિહંતનું, ભક્ત હૃદયે સ્થાપજો...

## અંતિમ પ્રાર્થના

હે દેવ ! મારા આજથી હું તારો બનીને જાઉં છું,
હે દિલડાના દેવ ! મારા દિલ દઈને જાઉં છું... ૧
મનડાં તણી આ ભક્તિ કેરી મહેંક મૂકતો જાઉં છું,
અંતરતણાં આપેલ આશિષ અંતરે લઈ જાઉં છું... ૨
ફરી - ફરી મલવાનો તમને કોલ દઈને જાઉં છું,
નિભાવવાનો ભાર તારાં માથે મુકતો જાઉં છું... ૩
શ્વાસે શ્વાસે નામ જપીશ હું ભાવ લઈને જાઉં છું,
જુગ જુગ જીવો જાજી ખમ્મા ચરણ ચૂમતો જાઉં છું.... ૪

## શ્રી સરસ્વતી આરતી

જય જય શારદા માતા, તું જગજગની માતા (૨) માડી..
તમને વંદન કરીએ (૨) વિદ્યાધન દાતા...૧
વીતરાગના શ્રી મુખેથી, નીકળે જે વાણી (૨) માડી..
અક્ષર રૂપે ઘટઘટમાં (૨) વ્યાપી તે વાણી...૨
સિદ્ધિદાયિની ભગવતી, જે તુજને ધ્યાવે (૨) માડી..
બને પ્રબુદ્ધ વિશારદ, (૨) સવિ માનને પાવે...૩
હંસવાહિની સરસ્વતી જે, સન્મતિ દાન કરે (૨) માડી..
આબાલવૃદ્ધ જીવનની (૨) જડતા દોષ હરે...૪
હસકલ હ્રીં ઐં નમઃ મંત્રને નિતનિત જે સમરે (૨) માડી..
તારા સ્મરણાથી માતા (૨) જય જયકાર વરે...૫
યશકીર્તિને અભયકૃપાથી કવિત્વ શક્તિ દેજો(૨) માડી.
પ્રસન્ન થઈને માતા (૨) રવિ વિનતી સુણજો...૬

ચરમ તીર્થપતિ શ્રી ભગવાન મહાવીર સ્વામીના
પરમ ભક્ત શ્રી શ્રેણીક મહારાજા આવતી ચોવિશીના પ્રથમ તીર્થંકર

## શ્રી પદ્મનાભ સ્વામી ભગવાન સ્તવન

આપો આપો ને પદ્મનાભ, અમને મુક્તિ પદ આપો ને
તોડો તોડો ને જિનરાજ, અમારા કર્મબંધ તોડો ને...
રૂપ દેખી ઉદ્યાને ખેચાયા, અનાથી મુનિ સંસર્ગ
પાયા દર્શન મહારત્ન, પાયા સમ્યગ્ ધર્મ.
હો જિનજી અરજ સ્વીકારો... ૧
દંભી ગુરુ કો છોડકર, બન ગયે ગુણાનુરાગી,
અધ્યાત્મ રવિ પ્રગટે, બને જિન ગુણાનુરાગી,
હો જિનજી અરજ સ્વીકારો... ૨
ધર્મ સમીપ બન્યા રાય, અંતર ઉમંગ ઉભરાય,
જાગી જિનવાણી ઝંકારે, ગોત્ર તીર્થંકર બંધાય,
હો જિનજી અરજ સ્વીકારો... ૩
બાર વ્રત મેં એક ભી નહિં, તો ભી હુઆ ભગવંત,
આપ ભક્તિ વીરે જાણી, મિલા વીર કૃપાવંત
હો જિનજી અરજ સ્વીકારો... ૪
અંત સમયે નામ આપકા, દેના સમાધિ મરણ,
રવિદેવ નિત્ય સમરે, રામ-અભય સૂરિ શરણ,
હો જિનજી અરજ સ્વીકારો... ૫

**સૌજન્ય**

**સ્વ. અર્ચના ભુપેન્દ્ર મહાત્મા - ઉદયપુર**

|| ૐ હ્રીઁ નમો ગોયમસ્સ || || શ્રી અવંતિ પાર્શ્વનાથાય નમઃ ||

|| શ્રી હરિભદ્ર સૂરયે ||

**પ.પૂ.આ. શ્રી રવિદેવસૂરીશ્વરજી મ.સા. પ્રેરિત**

**અર્હમ્ પ્રભાવક ચેરીટેબલ ટ્રસ્ટ - સંચાલિત**

# શ્રી રવિદેવ સૂરિ ગ્રંથમાળા

## ગ્રંથ સુવર્ણ સ્તંભ

* શ્રી આદેશ્વરજી જૈન પંચ ધર્મશાળા ટ્રસ્ટ, પાયધુની મુંબઈ
* શ્રી  વિજય અણસુર જુદો ગચ્છ જેઠાલાલ વેણીદાસનો ઉપાશ્રય - આણંદ

## ગ્રંથ રજત સ્તંભ

* શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરિ જૈન જ્ઞાન મંદિર દાદર (વે.)
* શ્રી ચંદ્રપ્રભ પ્રભુ જૈન દેરાસર-પ્રાર્થના સમાજ-મુંબઈ
* સંઘવી માતુશ્રી પાનીબેન ઘાસીરામજી ઢામકા - ઘાણેરાવ (રાજ)
* શા મોહનલાલજી ઘેવરચંદજી ભંડારી - સોમેસર (રાજ)
* જૈન સાઈટ પર્યુષણ આરાધક બહેનો - પાલીતાણા
* શ્રી રામસૂરિ જૈન જ્ઞાન મંદિર આરાધક બહેનો - કૃષ્ણનગર

## ગ્રંથ આધાર સ્તંભ

* શ્રી શાન્તાબેન પ્રવિણચંદ્ર મોરારજી શાહ - કુર્લા (મું)

## ગ્રંથ સ્નેહી

* શ્રી મિશ્રીમલજી ઉકાજી વાણીગોતા – રાણીવાડા
* શ્રીમતિ વરજુબેન મિશ્રીમલજી વાણીગોતા – રાણીવાડા
* શ્રીમતિ ઇન્દુબેન દિલીપભાઇ મોરખીયા – ધાનેરા
* શ્રીમતિ પ્યારીદેવી છગનલાલજી હજારીમલજી ભંડારી – જાબ
* શ્રીમતિ ભારતીબેન હસમુખભાઇ ગાંધી– ધાંગધ્રા
* શ્રીમતિ મફીબેન પારસમલજી ચંદન – સાંચોર
* શ્રીમતિ લોમાબેન દિલીપભાઇ શાહ – ટાકરવાડા
* શેઠશ્રી મુક્તિલાલ બાબુલાલ – થરાદ
* શ્રી શુ.લ.સુ.હિ.પ્ર. – પાલનપુર
* શ્રી આસ્થા–ભવિ જીતેન્દ્ર કાનુગો – સાંચોર
* શ્રી હંસાબહેન અનિલભાઇ શાહ – ધોલેરા
* શ્રી ધીયાન સૌરભભાઇ માધાણી
* શ્રી અનિષાબેન રેખાંગભાઇ ગાંધી – કપડવંજ
* શ્રીમતિ પ્રેમીલાબેન મહેન્દ્રકુમાર વિરાણી, હ. વિપુલ–ડીસા
* શ્રીમતિ કમલાબાઇ લાલચંદજી ઘીસુલાલજી જૈન – બાગોલ
* શ્રી રસિકલાલ મફતલાલ શાહ હ. વિરેન્દ્રભાઇ–લોદરા
* શ્રી શુભમ્ શ્રીકાંત જૈન – નાણા
* શ્રી પાબુબેન સીરેમલજી શ્રીશ્રીમાલ – સાંચોર
* શ્રી લલિતાબેન અરવિંદભાઇ શાહ – સાંચોર
* શ્રી મીઠાલાલ સરેમલજી મુણોત – જાબ
* શ્રી પુષ્પાબેન મહેન્દ્રભાઇ એચ. શાહ – મુંબઇ

* શ્રી નિપુણાબેન શૈલેષભાઇ, મોક્ષ, નિવાન,-સરદારપુરા
* શ્રી સરોજબેન દિલીપભાઇ - માણસા
* શ્રી નરેન્દ્રભાઇ શાંતિલાલ પરીખ - મહેસાણા
* શ્રી સ્નેહલ નિલેશભાઇ શેઠ ઉપધાન તપ નિમિત્તે-ડીસા
* શ્રી કાંતિલાલજી રાયચંદજી અંબાવત - નાયગાંવ
* માતુશ્રી કુસુમબેન કાંતિલાલ શાહ પરિવાર
  હ. મહેન્દ્રભાઇ - દાદર મુંબઇ
* શ્રી હર્ષદ અશોકકુમાર રાઠોડ, પ્રિયકા, શિવાંગ,
  શયન જૈન -નિગડી પુના
* શ્રી હર્ષદ અશોકકુમાર રાઠોડ, પ્રિયકા, શિવાંગ,
  શયન જૈન -નિગડી પુના
* શ્રી હીનાબેન વસંતભાઇ મહેતા - દાદર
* માતુશ્રી સુરેખાબેન કાંતિલાલ હેમરાજ સાવલા - મુંબઇ
* શ્રી રતનબેન એચ. જૈન એલ્ફીંસ્ટન
* શ્રી પ્રિતી દિનેશ વોરા મુલુન્ડ
* શ્રી ભાગ્યવંતી શંકરલાલ જીરાવલા - મુંબઇ
* શ્રી દક્ષ વિનોદ જૈન - હરજી (રાજ)
* શ્રી ભાગ્યવંતીબેન ભેરુમલજી રાઠોડ - સિકન્દ્રાબાદ
* શ્રી શારદાબેન જયંતીલાલ વાડીલાલ શાહ -લોદરા
* શ્રી નૂતનબેન અશ્વીનભાઇ શાહ - ઘાટકોપર
* શ્રી રેણુકાબેન નીતિનભાઇ શાહ - કાજાવદરવાળા
* શ્રી યોગેશ્વરીબેન હસમુખભાઇ શાહ - કાંદીવલી
* શ્રી સુરેખાબેન ડૉ. અશોકભાઇ શાહ - માલાડ/લાડોલ
  ચિ. કેયુર અટ્ઠાઇ તપ નિમિત્તે

અર્હમ પ્રભાવક જૈન સંઘ આયોજિત

# શ્રી સિદ્ધાચલ શ્રુતતીર્થ

**સોનગઢ-પાલીતાણા હાઈવે, ગુરૂરામ પ્રવેશદ્વાર પાસે,**
**મુ. માલપરા-પાલીતાણા, પીન-૩૬૪૨૭૦. (સૌરાષ્ટ્ર)**

સંપર્ક : 9428913847 /
9408560536 / 63




Utkarsh Small Finance Bank
Aapki Ummeed Ka Khaata

SCAN & PAY USING ANY UPI APP

OR

UPI ID

arhamprabhavakjainsangh@utkarshbank

BHIM | UPI

